**સુવિચાર**

દુઃખમાં કોઈકનું આશ્વાસન મળે પણ પીડાનાં પોટલા કે કટોકટીનો 'ક્રોસ' તો માણસે એકલેપંડે જ ઉંચકવો પડે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૦/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૪૬


## અમરેલીનાં સાવરકુંડલા માર્ગ ઉપર કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયા બાદ


# શોભાનાં ગાંઠીયા સમાન બનેલ સમ્પ અને ટેન્કને કાર્યરત કરો

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી તૈયાર થયેલ સમ્પ અને ટેન્કનો ઉપયોગ પીવાનાં પાણી માટે કરવામાં આવતો નથી

છેલ્લા ૬ મહિનાથી સ્થાનિક રહેવાસીઓ રજૂઆત કરતાં હોવા છતાં કામ પૂર્ણ થતું નથી

સાવરકુંડલા ચોકડીએથી પસાર થતી નર્મદાની લાઈનમાં જોઈન્ટ અપાઈ ગયું હોય છતાં પણ પાણીનો પ્રશ્ન દૂર થતો નથી

પાલિકાનાં નવનિયુક્ત શાસકોએ સ્થળ પરીક્ષણ કરીને સ્થાનિક રહેવાસીઓની વ્યાજબી માંગ સંતોષવી જોઈએ


અમરેલી, તા. ૫

અમરેલીનાં સાવરકુંડલા માર્ગ પરનાં રહેવાસીઓને નિયમિત અને પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી પાલિકાનાં અગાઉનાં શાસકોએ લગભગ ૭ થી ૮ વર્ષ પહેલા રેલ્વે ફાટથી લઈને સાવરકુંડલા ચોકડી વચ્ચે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે ઓવર હેન્ડ ટેન્ક અને સમ્પનું નિર્માણ કાર્ય પુર્ણ કરાવેલ.

બાદમાં પાલિકાનાં શાસકોની બેદરકારીનાં કારણે તેને કાર્યરત કરવામાં ન આવતા ઓવરહેન્ડ સમ્પ અને ટાંકો બિસ્માર બનવાનું શરૂ થયું અને અસામાજિક તત્વોએ પગપેસારો કર્યાની ફરિયાદ ઉભી થઈ.

સમગ્ર બનાવ અંગે ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ ગંભીરતા સમજીને ત્રણેક મહિના પહેલા ઓવરહેન્ડ સમ્પ અને ટાંકીને પાણીથી ભરવા અને વિતરણ શરૂ કરવાની સુચના પાલિકાનાં શાસકોને આપતાં પાલિકા ધ્વારા રીનોવેશનની તેમજ સાવરકુંડલા ચોકડીએથી પસાર થતી નર્મદાની મહાકાય પાઈપલાઈન સુધીનું જોડાણ પણ આપી દેવાયું.

પરંતુ પુનઃ કોઈ અકળ કારણોસર પાણીનો સમ્પ અને ટાંકો ભરીને ત્યાંથી સ્થાનિક વિસ્તારમાં પાણી વિતરણ શરૂ ન થતાં સ્થાનિકોએ ''અમરેલી એકસપ્રેસ''ને આ બાબતે તંત્રનું ધ્યાન દોરવા અહેવાલ રજુ કરવા અનુરોધ કરેલ છે.

## અનાજમાં થતી દારૂની હેરફેર જાન્યુઆરીમાં ઝડપાઈ હતી

# બગસરા પોલીસે દારૂ સાથે ઝડપેલ અનાજનાં જથ્થાની જાહેર હરરાજી કરાઈ

**વેચાણ થયેલ અનાજ કોઈ વ્યકિત કે પશુને ખવરાવાનું નથી**

બગસરા, તા. ૫

બગસરા પોલીસ સ્ટેશન દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ અમરેલી એલસીબી દ્વારા અનાજની આડમાં દારૂની હેરફેર કરી રહેલા એક ટ્રકને ઝડપી લીધો હતો. જેમાં પોલીસ દ્વારા અનાજને પણ કબ્જે લેવામાં આવ્યું હતું. આજે તે અનાજની બગસરા પોલીસ સ્ટેશન ખાતે હરરાજી ગોઠવવામાં આવી હતી જેમાં ૧૧૨ ગુણી બાજરી અને ૧૫૦ ગુણી મકાઈ ની હરરાજી થઈ હતી. જેમાં બાજરીનાં ૬ લેખે તથા મકાઈના રૂપિયા પાંચ લેખે કુલ ૩૦,૪૫૬ના મુદ્દામાલની હરરાજી કરવામાં આવી હતી. આ હરાજી એસ.પી. હિમકરસિંહની સુચના અનુસાર અને કોર્ટના હુકમ દ્વારા આ હરરાજી ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત જે અનાજ જે લોકોએ લીધેલ છે તે લોકોને લેખિત લખાણ લઈ લેવામાં આવેલ છે કે આ અનાજ કોઈ માણસને અથવા કોઈ પશુને ખવડાવવાનું કે વેચવાનું નથી. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ ગીડા મેડમ દ્વારા હરરાજી કરવામાં આવી હતી જેમાં મામલતદાર કચેરી વતી મામલતદાર કચેરીના કલાર્ક અલ્પાબેન હાજર રહ્યા હતા.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## એડવોકેટ આર.ડી. માધડની દલીલો ગ્રાહ્ય રહી

# અમરેલીના આઈપીસી ૩૦૭ના ગુન્હાના આરોપીની જામીન અરજી મંજુર

**સેશન્સ કોર્ટ દ્વારા અરજી મંજુર**

અમરેલી, તા. ૫

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.કલમ–૩૦૭, ૪૩૬, ૪૨૭, ૩૪૨, ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪ તથા ૧૩૫ જયંતી ઉર્ફે જોખમ કાનજીભાઈ મોઢવાડીયા વિરૂધ્ધ ગુન્હો નોંધાયેલ આરોપી તા. ૨૧/૬/૨૦૨૩ થી અમરેલી જિલ્લા જેલમાં હતા.

આ બનાવની વિગત અરજ છે કે, આરોપી મુળ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ ખુરશી માથામાં મારેલ ત્યારબાદ રાત્રીનાં ૨ કલાકની આસપાસ મુળ ફરીયાદી સુતા હતા. ત્યારે આરોપી મસાલ કાકડી લઈ રૂમનો દરવાજો સળગાવેલ તથા મુળ ફરીયાદી સુતા હતા તેના ઉપર સળગતી મસાલ નાખી હોવાનાં આક્ષેપથી મુળ ફરીયાદી દાઝી ગયા હોવાની ફરિયાદ આધારે આ કામે આરોપી જેલમાં હતા તને જામીન ઉપર છોડાવવા ચાર્જશીટ પછી આરોપીના એડવોકેટ આર.ડી.માધડ તથા ઉત્પલ માધડ દ્વારા અમરેલી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરતા અમરેલીનાં જે કામે મુળ ફરીયાદીનાં સરકારી વકીલે આરોપીને નહી છોડવાની દલીલો કરેલ પરંતુ આરોપીના એડવોકેટની દલીલો ગ્રાહય રાખી અમરેલી સીટી પોલીસ સ્ટેશન ગુન્હા આઈ.પી.સી.કલમ–૩૦૭, વિગેરેનાં ગુન્હાના આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટ મંજુર કરેલ છે.

## ચલાલા નજીક આવેલ

# લાખાપાદર ગામની સીમમાં મધમાખીએ હુમલો કરતાં શ્રમિકનું મોત નિપજયું

**શેઢા પાસે કાંટાની વાડમાંથી મધમાખીનાં ટોળાનો હુમલો**

અમરેલી, તા. ૫

ધારી તાલુકાનાં ચલાલા પોલીસ તાબાનાં લાખાપાદર ગામે રહેતા કનુભાઈ ઉર્ફે ગદુ સોમાભાઈ ચાવડા નામનાં ૪૦ વર્ષિય યુવક તા. ૪નાં રોજ બપોરનાં સમયે તે જ ગામે રહેતા ઉદયભાઈ શેખવાની વાડીએ પોતાના ભાઈઓ સાથે વાડીમાં દવા છાંટવાની મજૂરી કામે ગયેલ. તે દરમિયાન ટ્રેકટરની લારીમાં કેરબામાં પંપમાં પાણી ભરવા જતાં શેઢા પાસે આવેલ કાંટાની વાડમાંથી મધમાખીઓનાં ટોળાઓએ હુમલો કરી કનુભાઈનાં શરીરે અસંખ્ય દંશ મારતાં તેમને સારવાર માટે ચલાલા દવાખાને લાવતા તેમનું રસ્તામાં જ મોત નિપજયું હતું.

## એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# દામનગર ખાતેથી ૧ કિલો ગાંજા સાથે આરોપીની અટકાયત

**અન્ય આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન**

અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ટીમ દામનગર વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારનાં ઈકબાલભાઈ



જબારભાઈ ખારાણી નામના ઈસમે કોઈપણ જાતના લાયસન્સ વગર ગાંજા જેવો માદક પદાર્થ રાખી વેચાણ કરે છે તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા તે ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે. પકડાયેલ આરોપીની પુછપરછ દરમિયાન સદરહું પકડાયેલ ભેજ યુકત ગાંજાનો જથ્થો કોટડા (તા. વિછીયા) મુકામે રહેતો સુરેશભાઈ ઉર્ફે સુરો તેના મો.નં. ૯૫૩૭૮ ૧૪૬૩૧ વાળો આપી ગયેલ હતા.

વનસ્પતિજન્ય સુકો–ભેજ યુકત માદક પદાર્થ ગાંજાનો જથ્થો કુલ


**અનુસંધાન પાના ૬ ઉપર**


## મુખ્યમંત્રીનો આભાર માનતા પૂર્વ મંત્રી ઉંઘાડ


# અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતી માટે દિવસે વીજળી મળશે

**ટૂંક સમયમાં જ દિવસે વીજળી મળતી થશે**

અમરેલી, તા. ૫

લાઠીનાં પૂર્વ ધારાસભ્ય અને રાજયનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર માનેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાત્રિનાં સમયે રાનીપશુઓની અવરજવર હોવાથી ખેડૂતોએ દિવસે વીજળી આપવાની માંગ કરેલ જેને લઈને રાજય સરકારે દિવસે વીજળી આપવાનો નિર્ણય કરેલ છે જે આવકારદાયક છે તેમ અંતમાં જણાવેલ છે.





ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



પ્રવેશ કાર્ય શરૂ છે
મુકેશ જાની કોલેજ અમરેલી
▪ આર્ટસ પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ બી.સી.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ D.M.L.T. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
આજે જ સંપર્ક કરો
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૨ ૪૯૨૫૬



બી.એડ. પ્રવેશ માટે
મો. ૯૯૯૮૧૯૮૬૧૯
મો. ૯૯૦૯૫ ૨૩૪૧૮

## નવરાત્રિ, દિવાળીનાં તહેવારોમાં આમ આદમી મોટા પ્રમાણમાં ખરીદી કરવાનાં હોવાથી

# અમરેલી જિલ્લામાં વેચાણ થતાં ખાદ્યપદાર્થોની ચકાસણી કરવી જરૂરી

**વાસી મિઠાઈ, અખાદ્ય માવો, હલ્કી ગુણવત્તાનું તેલ અને ઘીનો ઉપયોગ થતો હોય તો પાણી પહેલા પાળ બાંધવી જરૂરી બની**

**સૌરાષ્ટ્રનાં અનેક શહેરોમાં ફૂડ વિભાગે આળશ ખંખેરીને ચકાસણી શરૂ કરી હોય અનુકરણ જરૂરી**

**તહેવારોનાં દિવસોમાં અનેક લોભીઓ નફો કમાવવાની લ્હાયમાં જનઆરોગ્ય સાથે ચેડા કરવાનો કરશે પ્રયાસ**

**પાણીપુરીથી લઈને પંજાબી, સાઉથ ઈન્ડીયન સહિતની રેંકડીથી લઈને હોટેલમાં પણ ચકાસણી કરવી જોઈએ**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં શરૂ થઈ રહેલ નવરાત્રિ, દીવાળીનાં તહેવારોને અનુલક્ષીને આમથી લઈને ખાસ આદમી સુધી સૌ કોઈ મિઠાઈ, ફરસાણની ખરીદી કરવાનાં હોઈ ફૂડ વિભાગે પાણી પહેલા પાળ બાંધીને મિઠાઈ અને ફરસાણની દુકાનોમાં આવેલ કે આવવાનાં હોય તેવા લોટ, ઘી, તેલ, દૂધનો માવો વિગેરે ઉપર નજર રાખવી પડશે અને ખાસ ટીમની રચના કરીને સતત નમૂના લેવાનું શરૂ કરવું જરૂરી બન્યું છે.

અમરેલી જિલ્લામાં બનાવટી દૂધ, માવો, ઘી, પનીર, ભેળસેળયુકત તેલનો ઉપયોગ થતો હોવાની ફરિયાદ અગાઉ ઉભી થઈ ચુકી છે અને નફાની લ્હાયમાં અમુક વેપારીઓ જનઆરોગ્યની ચિંતા કર્યા વગર નિયમોનો ઉલાળીયો કરતાં હોવાનું પણ સૌ જાણી રહ્યું છે. તેવા સમયે ફૂડ વિભાગે સાવચેતીનાં ભાગરૂપે ખાસ યોજના બનાવીને કોઈપણ વેપારી કોઈપણ અખાદ્ય કે ભેળસેળયુકત મિઠાઈ કે ફરસાણનું વેચાણ ન કરે તે માટે તકેદારી રાખવી પડશે.

તદુઉપરાંત પાણીપુરી, પિઝા, સાઉથ ઈન્ડિયન કે પંજાબી વાનગીનું જયાં પણ વેચાણ થતું હોય ત્યાં પણ અવાર–નવાર ચેકીંગ કરવું જરૂરી છે. કારણ કે એક તરફ રોગચાળાનો માહોલ, નવી ૠતુનું આગમન અને તહેવારો નજીકમાં હોય કોઈ અઘટિત ઘટના બને તે પહેલા સાવચેતી રાખવી જરૂરી બની છે.

## બગસરા સ્વસ્તિક નાગરિક શરાફી સહકારી મંડળીની સામાન્ય સભા મળી


તસવીર: સમીર વિરાણી

બગસરા, તા. ૫

બગસરા સ્વસ્તિક નાગરિક શરફી સહાકારી મંડળીની ૮મી સામાન્ય સભા બગસરા લેઉવા પટેલ સમાજ વાડી ખાતે મળી હતી. જેમાં સાંસદ નારણભાઈ કાછડિયાના અધયક્ષ સ્થાને યોજાયેલ આ સામાન્ય સભામાં જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલીયા, નગરપાલિકાના પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા, ધારાસભ્યના પ્રતિનિધિ કોકીલાબેન કાકડિયા, જીલ્લા ભા.જ.પ. મહામંત્રી પીઠાભાઈ નકુમ, જીલ્લા પંચાયતના સદસ્ય કાળુભાઈ ફિંડોળીયા, કમળાબેન ભુવા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મુકેશભાઈ બગડા, જીલ્લા પંચાયતના સદસ્ય પ્રવીણભાઈ માંગરોળીયા, ધીરૂભાઈ માયાણી, શંભુભાઈ મહીડા, જીલ્લા મધયસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર કોઠીયા, પ્રફુલભાઈ સેંજલીયા, તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, શહેર ભા.જ.પઉ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા, અમરેલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, બગસરા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરિયા, સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકરી મંડળીના પ્રમુખ અનિલભાઈ વેકરીયા, ધાણક કોલેજના પ્રીન્સીપાલ એસ.ડી. મોરી, ઉ.માં. શિક્ષક સંઘના પ્રમુખ તુલસીભાઈ મકવાણા, મેઘાણી હાઈસ્કુલના પ્રીન્સીપાલ વી.કે. જેઠવા, રાજુભાઈ ગીડા, અનિભાઈ કોરાટ, પટેલ સમાજ પ્રમુખ રમેશભાઈ સુવાગીયા, શાંતિલાલભાઈ પરમાર, માનસિંગભાઈ મોરી, અશોકભાઈ પંડયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મંડળી સંસ્થાના ચેરમેન મનોજભાઈ મહિડા વધુમાં વધુ સભાસદોના હિતને ધ્યાનમાં રાખી વધુ સેવાકીય પ્રવુત્તિ કરવા તેમજ આગામી મંડળીની પ્રગતિમાં સહકાર મળતો રહે તેવી લાગણી વ્યકત કરી કાર્યક્રમનું સંચાલન સ્નેહી પરમાર તથા આભારવિધિ બી.બી. ચન્દ્રવાડીયા એ કરી.

## સા.કુંડલા : શૈક્ષણીક સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે નવી સ્કૂલ બસ અર્પણ કરવામાં આવી




**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૫

પીરે તરીકત દાદાબાપુની દુવાથી નાસિરઅલીબાપુ અને યુસુફઅલી બાપુના મુબારક હાથે ફૈઝે મુહમ્મદી એજયુકેશન વેલ્ફેર અને ચેરીટેબલ ટ્રસ્ટની માલિકીની બીજી બસ આજરોજ સૈયદ મોહમ્મદ ગુલામઅલી બાપૂ કાદરી સંકુલ (SMGK) માટે શરૂ કરવામાં આવેલ છે. અત્યંત સાધારણ દરે, નહીં નફો, નહી નુકશાનના ધોરણે તમામ ધર્મ, જ્ઞાતિ કોમનાં આ સંકુલમાં અભ્યાસ કરતાં બાળકોને બસ સેવા નો મહતમ લાભ લેવડાવશો તેવી ગુજારીશ સાથે.

### ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષની રજૂઆત સફળ

## બાબરાને સુવિધાઓ સાથે નવિન ડેપો વર્કશોપ મળશે

બાબરા, તા. ૫

બાબરા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રમુખ મુન્નાભાઈ મલકાણ દ્વારા બાબરા શહેરને નવો એસ.ટી. ડેપો ફાળવવા અંગે માન.રા.ક. મંત્રીને રજુઆત કરવામાં આવેલ હતી.

તે રજૂઆતના પગલે ગુજરાત વાહન વ્યવહાર નિગમને લોકહિતના પ્રશ્નને તાત્કાલિક વાંચા આપીને લોકોની સુવિધાઓ પૂરી કરવા યોગ્ય આદેશ થયેલ હતા તેના પગલે ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા બાબરા નવિન ડેપો – વર્કશોપ બનાવતા પહેલા તાંત્રિક, પરિવહન તેમજ વહીવટી પાસાઓ ચકાસી હાલની જરૂરીયાત તેમજ ભવિષ્યના વિકાસને દયાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય



બાબરા મુકામે નવિન ડેપો–વર્કશોપ બનાવવા અંગે સદરહું પાસાઓની ચકાસણી હાલ પ્રગતિ હેઠળ હોય, જેની મંજુરી મળ્યેથી આગામી વર્ષોમાં રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવતા મુડીકૃત બજેટમાં સમાવેશ થયા બાદ બાબરા શહેરને નવિન ડેપો વર્કશોપ બનાવી આપવામાં આવશે અને લોકોને સુવિધાઓનો લાભ મળશે.

## બગસરા : આયુષ્યમાન ભવ અંતર્ગત હેલ્થ મેળો યોજાયો


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મહાનુભાવો દ્વારા દિપ પ્રગટાવીને ખુલ્લો મુકાયો હતો. ભારત સરકારના આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું. વિભાગનાયબ નિયામક ભાવનગર તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અમરેલી માર્ગદર્શન હેઠળ બગસરા આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ.

આ હેલ્થ મેળામાં રાજકીય સામાજિક કાર્યકરો અને આરોગ્ય સ્ટાફ દ્વારા હેલ્થ મેળાનું આયોજન કરાયું. આ કેમ્પમાં ૩૮૪ દર્દીઓએ લાભ લીધો.

### ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ

## આગામી ૧૪ ઓકટોમ્બરના રોજ કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદભૂત અવકાશી નજારો

**શનિવારે કંકણાકૃતિ સૂર્યગ્રહણનો નજારો**

અમદાવાદ, તા. ૫

વિશ્વના દેશો અને પ્રદેશોમાં આગામી તા. ૧૪મી ઓકટોબરે શનિવારે કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અવકાશી નજારો નિહાળવા જબરી ઉત્કંઠા જોવા મળે છે. પાંચ કલાક બાવન મિનિટનો સંપૂર્ણ ગ્રહણકાળ દરમ્યાન ૫ મિનિટ ૧૭ સેકન્ડની સ્થિરતા ઉપકરણો દ્વારા જોવાની તૈયારી આરંભી દીધી છે. આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ પરંતુ વિજ્ઞાનપ્રેમીઓ, ખગોળપ્રેમી, વૈજ્ઞાનિકોએ ગ્રહણની ગતિવિધિ નિહાળવા અને સંશોધન કરવા નિયત જગ્યા–સ્થળની પસંદગી કરી લીધી છે. ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી વિશેષ જાણકારી આપવાની તૈયારી આરંભી દીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં ગ્રહણ સંબંધી વૈધાદિ નિયમો જોવા મળે છે તે તદન અપ્રસ્તુત, બોગસ જાથા જાહેર કરે છે.

જાથાના રાજય ચેરમેન – એડવોકેટ જયંત પડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને તા.૧૪ મી ઓકટોબર, ૨૦૨૩ ના રોજ કન્યારાશિ ચિત્રા નક્ષત્રમાં થનારૂં કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે આ ગ્રહણ ઉત્તર, મધ્ય, દક્ષિણ અમેરિકા, કોલંબિયા અને બ્રાઝિલમાં અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. કંકણાકૃતિ ૫ મિનિટ ૧૭ સેકન્ડ સુધી રહેશે.

ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૦ કલાક ૩૩ મિનિટ ૩૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૧ કલાક ૪૦ મિનિટ ૦૯ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૨૯ મિનિટ ૨૭ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૧૮ મિનિટ ૫૬ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૫ મિનિટ ૧૧ સેકન્ડ, પરમ ગ્રાસ : ૦.૯૫૨ રહેશે.



જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો ચંદ્ર – સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે. માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ – ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સુતક – બુતક ઠોકી, શારીરિક – માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ ઉભું કર્યું છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન –પુણ્ય, જપ–તપ, સ્નાન કરવું, રાશિફળ કથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ અને અમુક જયોતિષીઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી જયોતિષીઓ અને કર્મકાંડીઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ–ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા–રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની પ્રતિક હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી – ખરાબ, શુભ – અશુભ, લાભ – નુકશાન, હોની – અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક – કુદરતી, નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ – તપ, અનુષ્ઠાન, પૂજાવિધિ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશિર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા–દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ–હવન, જપ–તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધ:પતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની જયોતિષીઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર–દેવસ્થાના બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની – કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા – દેવા નથી. માનવીએ ચંદ્ર – મંગળ ઉપર પગ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર – મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃતિના દર્શન કરાવી તેના મંત્ર–જાપ કરી નંગની વીંટી પહેરી મુખાર્મીનું પ્રદર્શન કરે છે. જેનાથી જાથા દુ:ખી છે.

રાજયમાં જાથાના વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો જિલ્લા મથકો રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, હિંમતનગર, માણસા, રાજપીપળા, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ – ભુજ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગિર સોમનાથ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, બોટાદ, તાપી વ્યારા, મહીસાગર લુણાવાડ, ડીસા, ગાંધીધામ, અંજાર, ધોરાજી, ઉપલેટા, કેશોદ, મહુવા, કુંકાવાવ, બાબરા, લીંબડી સહિત અનેક તાલુકા મથકે અયોજનની તૈયારી ચાલી રહી છે.

જાથાના નિર્મળ મેત્રા, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, રાજુભાઈ યાદવ, હસમુખ ગાંધી, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, મથલ હુસેનભાઈ ખલીફા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, નિર્ભય જોષી, રવિ પરબતાણી, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, અનેક કાર્યકરો પોતાના વિસ્તારમાં કાર્યક્રમ ગોઠવવા સંબંધી વ્યવસ્થા કરી રહ્યા છે.

અંતમાં રાજયમાં પોતાના ગામ, શહેરમાં વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો ગોઠવવાના છે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# ચલાલાના ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે ગાંધી જયંતિની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત–ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે ગાંધી જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેની અંદર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવજન ગાન, શિક્ષકો અને વિદ્યાર્થી દ્વારા વ્યકતવ્ય, શાળના કેમ્પસની સફાઈ તેમજ પ્લાસ્ટિક મુકત ભારત બનાવવાનો સંકલ્પ વિદ્યાર્થીઓને લેવડાવ્યો અને સાથે ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. સંસ્થાના વડા પૂ. રતિદાદા એ આ કાર્યક્રમ નિહાળી ખુબ ખુશ થયા હતા અને બાળકોને આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા તથા શાળાના સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## વિશાળ વહીવટીતંત્ર ગૌ-માતાની સુરક્ષા કરવામાં ઉદાસીન હોય

# ગૌ-માતાની સુરક્ષા માટે ગૌ-પ્રેમી સંસ્થા મેદાનમાં

**જાહેર માર્ગો પર અવાર-નવાર વાહન અકસ્માતનો ભોગ બનતી અટકાવવા સાવરકુંડલાની સંસ્થાનું ઉમદા કાર્ય**

**પ્રાથમિક તબક્કે ૫૦૦ જેટલી અને બાદમાં ૧૧૦૦ ગૌ-માતાને રેડિયમ બેલ્ટ લગાવાશે**

**રખડતી-ભટકતી ગૌ-માતાની જાળવણી માટે પશુ હોસ્ટેલની વ્યવસ્થા માટે તંત્રએ કમર કસવી જરૂરી**

**તમામ જીવદયા પ્રેમીઓએ ગૌ-માતાની સુરક્ષા માટે યથાશકિત સહયોગ કરવો જરૂરી**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં થોડા સમયથી હાઈવે રસ્તા ઉપર ગૌ-માતાના અકસ્માતની સંખ્યામાં ખાસ્સો વધારો થતાં સેવાભાવિ સંસ્થા દ્વારા ગાય માતાઓને રેડિયમ પટ્ટા મારીને અંધારામાં અકસ્માતો નિવારવાના નવતર અભિગમ સાર્થક સાબિત કરવા કમર કસી છે. છાશવારે રોડ પર બિરાજમાન ગાયમાતા ને કારણે અકસ્માતોની ઘટતી ઘટનાઓ નિવારવા અને ગૌ-માતાને પણ ગંભીર ઈજા થતી હોય. ત્યારે વાહન અથવા સ્કુટર અથડાવાથી માનવજાતને પણ ગંભીર ઈજાઓની રોજબરોજની ઘટનાઓ પ્રકાશમાં આવે છે. જેને ધ્યાનમાં લઈને છેલ્લા બે દાયકા કરતા પણ વધારે સમયથી શહેરની રેઢીચાળ /રખડતી અને વૃધ્ધ નિરાધાર ગૌ-માતાની સેવામાં તત્પર એવા "શ્રીજી ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ" દ્વારા શહેરની તમામ રેઢીચાળ, નિરાધાર ગૌ-માતાને 'સેફટી રીફલેકશન બેલ્ટ' પહેરાવવાનું કાર્ય શહેરનાં વિવિધ એરીયામાં છેલ્લા ચાર દિવસથી સંસ્થાનાં કાર્યકર્તા દ્વારા થઈ રહ્યું છે. હાઈવે, રસ્તા તથા તેમને સંકલીત આંતરીક રસ્તાઓમાં લગભગ ૫૦૦ જેટલી ગૌ-માતાને હાલ આ બેલ્ટ પહેરાવી દેવામાં આવેલ છે અને બીજા ૧૧૦૦ જેટલા બેલ્ટ આગામી દિવસોમાં પહેરાવવામાં આવશે. ત્યારે સાવરકુંડલાની જનતાને નમ્ર અપીલ છે કે આ બેલ્ટ કોઈપણ ગૌ-માતાનાં ગળામાંથી કાઢે નહીં અને કદાચ નીકળેલ હોય તો અમોને પરત આપે અને ખાસ વિનંતી કે આ બેલ્ટની કોઈ જ આડઅસર નથી કોઈ ખોટી અફવાઓમાં આવવું નહીં. સાવરકુંડલા શહેરમાં થતા અકસ્માત નિવારી શકાય અને ગૌ માતા અને માનવજાતને થતુ નુકસાન અટકાવી શકાય. આ સેવાકાર્યમાં શહેરની જનતા સાથ આપે અને આ સેવાયજ્ઞમાં યોગદાન આપે તેવી નમ્ર અપીલ પણ શ્રીજી ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે.


**મકાન વેચવાનું છે**

જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.

હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.

સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩


### બહેરા-મુંગા શાળા ખાતે

## અમરેલી જિલ્લા કાનુની સત્તા સેવા મંડળ દ્વારા કાનુની શિબિર યોજાઈ

**મુકેશભાઈ ભટ્ટ તરફથી કાયદાકીય સમજણ અપાઈ**



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા કાનુની સતા સેવા મંડળ દ્વારા આયોજીત કાનૂની શિબિર, બહેરા-મુંગા શાળામાં યોજાયેલ, જેમાં સ્કુલમાંથી, ગૌતમભાઈ સોલંકી, વિશાલભાઈ જોષી, સુરેશભાઈ પરમાર, નરેન્દ્રભાઈ ગણાત્રા, પ્રગતિબેન વૈદ, માનીશબેન તારીક, મહંમદ, તેમજ સંસ્થાનાં સંચાલક ત્રિલોકભાઈ ભટ્ટનો સહકાર ઉલ્લેખનીય રહયો. આ શિબિરમાં મુકેશભાઈ ભટ્ટ, સોનલ તરફથી વિકલાંગતા ધરાવતા બાળકો માટે કાયદાકીય સમજણ આપવામાં આવી હતી.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦,પહેલા માળે, હિરકધામ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## આવનારા દિવસોમાં નશાબંધી અને આબકારી શાખા દ્વારા નશાબંધી સપ્તાહ ઉજવાશે પરંતુ વાસ્તવિકતા કયાંક અલગ

અમરેલી, તા. ૫

તા. ૮ ઓકટોબર સુધી નશાબંધી સપ્તાાહ ઉજવાશે અને લોકોને નશાથી થતાં નુકસાન અંગે જાગૃત કરી વ્યસન મુક્તિના શપથ પણ લેવડાવવામાં આવશે પરંતુ જાફરાબાદ શહેરમાં દેશી – વિદેશી દારૂનું જે દુષણ જોવા મળે છે તે બાબતે હજૂપણ લોકો માં જાગૃતિનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાય છે. કારણ કે હાલ પણ દરરોજ અનેક શખ્સો નશો કરેલી હાલતમાં તો અનેક જીંદગી દારૂના દૂષણથી મોતના મુખમાં ધકેલાયા છે. તો અનેક નાની ઉંમરના યુવાનો દારૂના રવાડે ચડયા છે. તો અનેક બહેનો આ દારૂના દૈત્યથી સૌથી સિંદુર ભુસાયા છે. ગાંધીજીના દારૂબંધી માટેના પ્રયોગનો ઉચ્ચ વિચાર કદાચ આવો હશે વ્યસન માત્ર વ્યસની જીંદગી જ ખતમ કરતું નથી પરંતુ તેના જ સ્નેહીઓની જિંદગીના અરમાનો પણ ખતમ કરે છે. મધ્યમ વગનો કે ગરીબ માનવી વ્યસની બને છે. ત્યારે તેને જાણ પણ ના થાય તે રીતે તેની આવકની દસ – વીસ ટકા રકમ માત્ર તેના વ્યાસન પાછળ ખર્ચાઈ જાય છે.તેને સરભર કરવા તે પોતાની જાત,પોતાના સંતાનો પતિ પત્ની માતા-પિતા કે સંબંધી માટે સમય,નાણાં કે ચીજવસ્તુમાં પૂરતો ખર્ચ કરી શકતો નથી અથવા તો કંજુસાઈ કરી છે. પરિણામે ખર્ચ બાબતે સંબંધોમા ટેન્શન કજીયા કંકાસ અને પરિવાર આ દારૂના દુષણને લીધે અનેક જીંદગી ટુંકાવી દીધી છે. આ દારૂનું દુષણ નાથવા ગંભીર પગલાં લેવામાં આવતા નથી દેશી દારૂની બદીને હવે લોકોએ સામાન્ય ન ગણવી જોઈએ અને દારૂના દૈત્યને હટાવવાના દિશામાં યોગ્ય કાર્યવાહી થવી જોઈએ હાલ નશાબંધી સપ્તાહની ઉજવણી ચાલી રહી છે ત્યારે લોકોએ જાગૃત બનવાની જરૂર છે. પ્રસરેલું દારૂનું દૂષણ દૂર થાય તો સોનામાં સુગંધ મળે.








**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**તક ને તેડા ના હોય...**

૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં

નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો

ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬












### લીકર પોલિસી કૌભાંડ મામલે રાજકારણ ગરમાયું

# આપના સાંસદ સંજયસિંહની ધરપકડના વિરોધમાં દિલ્હી-મુંબઈ-પૂણેમાં દેખાવો

## સંજયસિંહની ધરપકડના વિરોધમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓએ ઈડી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

નવી દિલ્હી, તા.૫

દિલ્હીમાં કથિત લીકર પોલિસી કૌભાંડ મામલે રાજકારણ ગરમાયુ છે. ગઈ કાલે લીકર પોલિસી કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહની ધરપકડ કરવામાં આવી હતી. હવે આજે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ અને નેતાઓ તેમની ધરપકડના વિરોધમાં વિરોધ પ્રદર્શન કર્યુ છે. દિલ્હી, મુંબઈ અને પૂણેમાં અનેક સ્થળોએ ધરણા અને પ્રદર્શન જોવા મળ્યુ હતું. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ અને નેતાઓએ ઈડી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ બીજેપીએ પણ દિલ્હીની કેજરીવાલ સરકાર વિરુદ્ધ મોર્ચો ખોલી દીધો હતો અને આજે રાજઘાટ પર શાંતિપૂર્વક ધરણા કર્યા હતા. આ અગાઉ કાલે બીજેપીએ ગઈ કાલે આપ કાર્યાલયની બહાર પ્રદર્શન કર્યુ હતું.

મુંબઈમાં અનેક કાર્યકર્તાઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. દિલ્હીમાં આપ કાર્યકર્તાઓએ રસ્તા પર ઉતરીને વિરોદ કર્યો હતો. ત્યાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આજે સવારથી જ આપ મુખ્યાલયમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નેતાઓના પહોંચવાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. અહીં આપ નેતાઓએ સંજય સિંહની ધરપકડ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. નેતાઓના સંબોધન બાદ પ્રદર્શનકારીઓએ ભાજપ મુખ્યાલય તરફવ માર્ચ કરી હતી. પ્રદર્શનકારીઓના હાથમાં 'સંજય સિંહ નહીં ઝૂકેગા' અને ઈન્ડિયા'ના પોસ્ટર હતા. સંજય સિંહના પિતા પણ આમ આદમી પાર્ટીના કાર્યાલયમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા.

દિલ્હીમાં આપના વિરોધ પ્રદર્શન પર સ્પેશિયલ સીપી લો એન્ડ ઓર્ડર ડેપેન્દ્ર પાઠકનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, આ આમ આદમી પાર્ટીનું વિરોધ પ્રદર્શન છે. ધીમે ધીમે ભીડ એકઠી થઈ રહી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અહીં પોલીસ હાજર છે. અમે આયોજકોના સંપર્કમાં છીએ. અમે સુનિશ્ચિત કરીશું કે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. અમે પ્રદર્શનકારીઓને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરીશું.

મુંબઈના બલાર્ડ એસ્ટેટ વિસ્તારમાં ઈડી કાર્યાલય પાસે મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ત્યાં વિરોધ કરવાની મંજૂરી આપવામાં નથી આવી. આપ કાર્યકર્તાઓનું કહેવું છે કે, સંજય સિંહને જલ્દી મુક્ત કરવામાં આવે. પાર્ટીએ આરોપ લગાવ્યો કે, ઈડીએ સંજય સિંહની ધરપકડ એટલા માટે કરી કારણ કે, તેમણે સંસદમાં અડાણી ગ્રુપ સાથે સબંધિત મુદ્દે ઉઠાવ્યો હતો.

### કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને આપ્યો આંચકો

# GPF માટેના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી

## જનરલ પ્રોવિડન્ટ ફંડ અથવા GPF માટેના વ્યાજદરોની જાહેરાત કરી છે અને તેમાં કોઈ ફેરફાર કર્યા વિના તેને ૭.૧ ટકા પર રાખ્યો છે

નવી દિલ્હી, તા.૫

નાણા મંત્રાલયે જનરલ પ્રોવિડન્ટ ફંડ અથવા GPF માટે વ્યાજ દરો નક્કી કર્યા છે. નાણા મંત્રાલયે ઑક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર (ઑક્ટો-ડિસેમ્બર ૨૦૨૪) માટે કોઈ ફેરફાર કર્યા વિના જનરલ પ્રોવિડન્ટ ફંડ અને સમાન ભવિષ્ય નિધિના વ્યાજ દરો સ્થિર રાખ્યા છે. ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં કેન્દ્ર સરકારે GPF માટેના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી અને તેને ૭.૧ ટકા પર યથાવત રાખ્યો છે. GPF કેન્દ્ર સરકારની સામાજિક સુરક્ષા યોજના છે. નાણા મંત્રાલયે કહ્યું છે કે રાજ્ય રેલ્વે ફંડ, યોગદાન ભવિષ્ય નિધિ, આર્મ્ડ પર્સનલ પ્રોવિડન્ટ ફંડ અને ઓલ ઈન્ડિયા સર્વિસ પ્રોવિડન્ટ ફંડની સાથે અન્ય સરકારી ભવિષ્ય નિધિના હિતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ચોથા ક્વાર્ટરમાં તે ૭.૧ ટકા છે. કેન્દ્ર સરકાર દર ક્વાર્ટરમાં GPFનો વ્યાજ દર નક્કી કરે છે. અગાઉ પણ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૩-૨૪ ક્વાર્ટરમાં, GPF વ્યાજ દર માત્ર ૭.૧ ટકા હતો. નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે આ સંબંધમાં માહિતી જાહેર કરતાં જણાવ્યું હતું કે, "જાહેર કરવામાં આવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર માટે જનરલ પબ્લિક ફંડના સબ્સ્ક્રાઈબર્સ માટે વ્યાજ દર ૭.૧ ટકા પર જાળવી રાખવામાં આવ્યો છે. જનરલ પ્રોવિડન્ટ ફંડ અને અન્ય સમાન ફંડ્સ માટે, ૭.૧ ટકાનો વ્યાજ દર ઓક્ટોબર ૧, ૨૦૨૩ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી લાગુ કરવામાં આવી રહ્યો છે. GPF એ પબ્લિક પ્રોવિડન્ટ ફંડ એટલે કે PPF જેવી સ્કીમ છે પરંતુ તે માત્ર સરકારી કર્મચારીઓ માટે છે. નાણા મંત્રાલયના આર્થિક બાબતોનો વિભાગ દર ક્વાર્ટરમાં GPF અને અન્ય સમાન ભંડોળ જેમ કે CPF, AISPF, SRPF, AFPPF માટેના વ્યાજ દરોની જાહેરાત કરે છે.

### રાજસ્થાનમાં જનસભામાં વડાપ્રધાનનો ગેહલોત પર આક્ષેપ

# જોધપુર સળગતું હતું ત્યારે અશોક ગેહલોત ક્યાં હતા : નરેન્દ્ર મોદી

## જનસભા શરૂ કરતા પહેલા વડાપ્રધાને રાજસ્થાનની જનતા માટે લગભગ ૫ હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ કાર્યોનો શિલાન્યાસ કર્યો હતો

જોધપુર, તા.૫

રાજસ્થાનમાં આ વખતે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. વિધાનસભા ચૂંટણીને લઈને બીજેપી એક્ટિવ મોડમાં છે. ત્યારે પીએમ મોદીએ આજે જોધપુરમાં જનસભા કરી હતી. આ દરમિયાન પીએમ મોદી પર નિશાન સાધ્યુ હતું. જનસભા શરૂ કરવા પહેલા મોદીએ રાજસ્થાનની જનતા માટે લગભગ ૫ હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ કાર્યોનો શિલાન્યાસ કર્યો હતો.

મોદીએ જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, આજે જોધપુર અને મારવાડના લોકોને અનેક ભેટ એક સાથે મળી રહી છે. એક ભેટની તૈયારી તો હું પહેલાથી જ દિલ્હીથી કરીને આવ્યો છે.

કાલે જ ભાજપ સરકારે નક્કી કર્યું છે કે, હવે ઉજ્જ્વલાની લાભાર્થી બહેનોને કેન્દ્ર સરકાર દ્વારા ગેસ સિલિન્ડર માત્ર ૬૦૦ રૂપિયામાં મળશે. અમે રાજસ્થાનના ખૂણે-ખૂણે વિકાસ પહોંચાડીને રહીશું. એટલા માટે રાજસ્થાન કહી રહ્યું છે- 'ભાજપા આયેગી, રાજસ્થાન મેં ખુશહાલી લાયેગી'

ચૂંટણી ટાણે બેરોજગારી ભથ્થાનું વચન આપનારી કોંગ્રેસે અહીંના યુવાનોને પેપર લીક માફિયાઓના હવાલે કરી દીધા છે. આવા દરેક પેપર લીક માફિયા વિરુદ્ધ ભાજપ સરકાર કઠોર કાર્યવાહી કરશે.

પીએમ મોદીએ મુખ્યમંત્રી અશોક ગેહલોત પર સીધા પ્રહાર કર્યા છે. મોદીએ કહ્યું કે, આજે મેં જાધપુરમાં વિકાસના અનેક કાર્યક્રમોનો શિલાન્યાસ કર્યો છે પરંતુ મુખ્યમંત્રી ગાયબ છે. કારણ કે, તેમને વિશ્વાસ છે કે, મોદી આવશે તો બધુ બરાબર થઈ જશે. હું પણ તેમને કહેવા માંગુ છું કે, તમે આરામ કરો હવે અમે સંભાળી લઈશું.

વડાપ્રધાને આગળ કહ્યું કે, કોંગ્રેસ સરકારને રાજસ્થાનના હિત કરતા તેમનો મત વધુ વ્હાલો છે. આ દરમિયાન પીએમ મોદીએ પૂછ્યું કે, જોધપુર જ્યારે રમખાણોની આગમાં સળગી રહ્યું હતું ત્યારે મુખ્યમંત્રી શું કરી રહ્યા હતા. જ્યારે અહીં હિંસા થઈ રહી હતી અને નિર્દોષ લોકોને મારવામાં આવી રહ્યા હતા કોંગ્રેસના નેતાઓ શું કહી રહ્યા હતા? શું કોંગ્રેસની પ્રથમ અને અંતિમ નીતિ માત્ર તૃષ્ટિકરણ જ છે?

કેન્દ્રની ભાજપ સરકાર પોતાના તરફથી રાજસ્થાનના વિકાસ માટે બનતા તમામ પ્રયત્નો કરી રહી છે પરંતુ અહીંની સ્થિતિ જોઈને દુઃખ થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર અને રમખાણ મામલે રાજસ્થાનને ટોપ પર પહોંચાડી દીધુ છે.

### લોકસભાની ચૂંટણી માટે કમર કસતા પક્ષો

# દક્ષિણના એક્ટર પવન કલ્યાણે એનડીએની સાથે છેડો ફાડ્યો

## બીજેપીને દક્ષિણથી મોટો ઝાટકો, અભિનેતા પવન કલ્યાણના પક્ષે ટીડીપીનું સમર્થન કરવાનું એલાન કર્યું

નવી દિલ્હી, તા.૫

૨૦૨૪માં લોકસભા ચૂંટણી છે અને તમામ પાર્ટીઓએ પોતાની કમર કસી લીધી છે. ત્યારે આ વચ્ચે હવે બીજેપીને દક્ષિણથી મોટો ઝાટકો લાગ્યો છે. એક્ટર અને નેતા પવન કલ્યાણે આજે ભાજપના નેતૃત્વ વાળી એનડીએનો સાથ છોડવાનું અને ટીડીપીનું સમર્થન કરવાનું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, આંધ્ર પ્રદેશને વિકાસ માટે જનસેના અને ટીડીપીની જરૂર છે. જેએસપી ચીફ પવન કલ્યાણે કહ્યું કે, ટીડીપી એક મજબૂત પાર્ટી છે અને આંધ્ર પ્રદેશને સુશાસન અને વિકાસ માટે તેલુગુ દેશમ પાર્ટીની જરૂર છે. આજે ટીડીપી સંઘર્ષ કરી રહી છે અને અમે તેના સાથે છીએ. આ સ્થિતિમાં ટીડીપીને જનસૈનિકોના યુવાનોની જરૂર છે. તેમણે આગળ કહ્યું કે, જો ટીડીપી અને જનસેના હાથ મિલાવી લેશે તો રાજ્યમાં વાઈએસઆરસીપીની સરકાર ડૂબી જશે. ચંદ્રબાબુ નાયડૂની ધરપકડ બાદથી પવન કલ્યાણ આંધ્ર પ્રદેશની વાઈએસઆર જગનમોહન રેડ્ડીની સરકારથી નારાજ છે.

જનસેના પાર્ટીના નેતા પવન કલ્યાણ ૧૪ સપ્ટેમ્બરના રોજ ચંદ્રબાબૂ નાયડૂ સાથે મુલાકાત કરવા માટે રાજામુંદ્રી સેન્ટ્રલ જેલ પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે ૧૮ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં આયોજિત એનડીએની બેઠકમાં પણ ભાગ લીધો હતો. આ બેઠકમાં પવન કલ્યાણે કહ્યું હતું કે, તે ભાજપનું સમર્થન કરશે. ત્યારબાદ તેમણે જણાવ્યું હતું કે, બેઠક ખૂબ જ સારી રહી અને આ દરમિયાન આત્મનિર્ભર ભારત પર ચર્ચા કરવામાં આવી હતી. પોતાની પાર્ટી તરફથી મું પીએમને વચન આપ્યું છે કે, અમે તેમની સાથે ઊભા છીએ.

પવન કલ્યાણે આંધ્ર પ્રદેશમાં તેમની પાર્ટી એનડીએ અને ટીડીપીને વાયએસઆરસીપી સરકાર સામે લડવા માટે એકસાથે ઊભા રહેવાનો પ્રસ્તાવ પણ આપ્યો હતો. પરંતુ હવે તેમણે એનડીએ છોડવાનો નિર્ણય લઈ લીધો છે. ૨૦૧૯માં યોજાયેલી ચૂંટણીમાં પવન કલ્યાણની જનસેના પાર્ટી ૫.૬% વોટ શેર સાથે માત્ર એક બેઠક જીતી હતી જ્યારે ટીડીપી ૩૯.૭ ટકા વોટ શેર સાથે ૨૩ બેઠકો જીતવામાં સફળ રહી હતી. જ્યારે વાયએસઆરસીપીએ ૫૦.૬ વોટ શેર સાથે ૧૫૧ બેઠકો પર જીત પ્રાપ્ત કરી હતી.

### અલ્હાબાદ હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# સાત ફેરા વગરના હિન્દુ વિવાહ કાયદેસર મનાય નહીં : કોર્ટ

## પત્નીએ છૂટાછેડા લીધા વિના જ બીજા લગ્ન કરી લીધાં છે એટલા માટે તેને દંડિત કરવાની પતિની માગ કોર્ટે ફગાવી

અલ્હાબાદ, તા.૫

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે સાત ફેરાં અને અન્ય રીતિઓ વગર હિન્દુ વિવાહ કાયદેસર મનાય જ નહીં. હાઈકોર્ટે એક કેસ ફગાવી દીધો હતો જેમાં એક પતિએ આરોપ મૂક્યો હતો કે તેની પત્નીએ છૂટાછેડા લીધા વિના જ બીજા લગ્ન કરી લીધાં છે એટલા માટે તેને દંડિત કરવામાં આવે. સ્મૃતિ સિંહ નામની મહિલાની અરજી સ્વીકારતાં જસ્ટિસ સંજય કુમાર સિંહે કહ્યું કે આ નિયમ જ છે કે જ્યાં સુધી તમામ વિધિઓ અને રીતિ-રિવાજો સાથે યોગ્ય રીતે લગ્ન સંપન્ન નહીં કરવામાં આવે ત્યાં સુધી એ લગ્નને સંપન્ન થયેલા ન માની શકાય. હાઈકોર્ટે કહ્યું કે જો લગ્ન કાયદેસર નથી તો કાયદાની નજરમાં પણ તે લગ્ન નથી. હિન્દુ કાયદા હેઠળ સપ્તપદી એક કાયદેસરના લગ્નનું જરૂરી ઘટક છે પણ વર્તમાન કેસમાં આ પુરાવાઓનો અભાવ છે. હાઈકોર્ટે હિન્દુ લગ્ન એક્ટ, ૧૯૫૫ની કલમ ૭ને આધાર બનાવી છે જે હેઠળ એક હિન્દુ લગ્ન સંપૂર્ણ વિધિ અને રીત-રિવાજ સાથે થવા જોઈએ જેમાં સપ્તપદી (પવિત્ર અગ્નિને સાક્ષી માની વર અને વરવધૂ દ્વારા અગ્નિના સાત ફેરા લેવા) એ લગ્નને સંપન્ન બનાવે છે. હાઈકોર્ટે મિરઝાપુરની કોર્ટના ૨૧ એપ્રિલ, ૨૦૨૨ ના એ આદેશને રદ કરી દીધો જે હેઠળ સ્મૃતિ સિંહને સમન્સ જારી કરાયો હતો. હાઈકોર્ટે કહ્યું કે ફરિયાદમાં સપ્તપદીના સંબંધમાં કોઈ ઉલ્લેખ જ કરાયો નથી. એટલા માટે આ કોર્ટના વિચારથી કોઈ અપરાધનો મામલો નથી બનતો કેમ કે બીજા લગ્નનો આરોપ નિરાધાર છે.

### ચંદ્રયાનની સફળતા પછી ગગનયાનની તૈયારી

# ઇસરોએ ગગનયાન માટે એસ્ટ્રોનટ્સ પણ પસંદ કર્યા

## સ્પેસ એજન્સીએ આ અંગે કશું કહ્યું નથી પરંતુ ભારતીય વાયુ સેનાના એક વિડિયો ઉપરથી આ અંગેનો સંકેત મળી રહ્યો છે

નવી દિલ્હી, તા.૫

ચંદ્રયાનની સફળતા પછી ઈસરો હવે ગગનયાનની તૈયારી કરી રહ્યું છે. ઈસરોએ તે માટે 'એસ્ટ્રોનટ્સ' પણ ચૂંટી કાઢ્યા છે. જો કે સ્પેસ એજન્સીએ આ અંગે કશું કહ્યું નથી પરંતુ ભારતીય વાયુસેનાના એક વિડિયો ઉપરથી આ અંગેનો સંકેત મળી રહ્યો છે. આઈએએફ દ્વારા તેની ૯૧મી જયંતિએ માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ "એક્સ" ઉપર (પૂર્વેના ટ્વિટર) ઉપર એક વિડિયો વહેતો મુક્યો છે. ૧૧ મિનિટ્સના આ વિડિયોમાં વાયુસેનાની સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે. મહત્ત્વની વાત તે છે કે આ વિડિયોમાં વાયુસેનાના ૩ જવાનોની ઝલક પણ દર્શાવાઈ છે. કે જેમને 'ગગનયાન' માટે ચુંટી કઢાયા છે. આ ત્રણે જવાનો તે માટે તૈયારીઓ કરતા દેખાય છે.

જો કે, સુરક્ષાની દ્રષ્ટિએ એસ્ટ્રોનટસના નામ કે અન્ય કોઈ ઓળખાણ જાહેર કરાયા નથી. ઈસરોએ જણાવ્યું છે કે, બેંગલુરૂ પાસેની એસ્ટ્રોનેટ્સ ટ્રેનિંગ ફેસિલીટીમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. એસ્ટ્રોનોટ્સ માટેના મોડયુલમાં શૈક્ષણિક પાઠયક્રમ, ગગનયાન ઉડાણ પ્રણાલી, પેરાબોલિક ઉડાણોના માધ્યમથી સૂક્ષ્મ ગુરૂત્વાકર્ષણનો પરિચય, એરો મેડિકલ પ્રશિક્ષણ, વાપસી અને પુનર્વાસ પ્રશિક્ષણ (ટ્રેનિંગ), ઉડ્ડયન પ્રક્રિયાઓમાં આવડત મેળવવી, ચાલકદલ પ્રશિક્ષણ, તથા સિમ્યુલેટર પરની ટ્રેનિંગ સામેલ છે. તે ઉપરાંત હવાઈ ચિકિત્સા ટ્રેનિંગ, આવધિક ઉડયન અભ્યાસ અને યોગને પણ સામેલ કરવામાં આવેલ છે. સૌથી મહત્ત્વની વાત તો તે છે કે ઈસરો આ મિશનમાં માનવ સુરક્ષા ઉપર ભાર મૂકે છે. સ્પેસ એજન્સી વધુમાં જણાવે છે કે, આ સાથે કેટલીયે આધુનિક ટેકનીક વિકસિત કરાઈ રહી છે.

ગગનયાન મિશન ૨૦૨૪માં લોન્ચ થશે તેમ મનાય છે. તે સાથે માનવીને અંતરિક્ષ મોકલનાર ભારત ચોથો દેશ હશે. આ સૂચિમાં રશિયા અમેરિકા અને ચીન છે. પહેલા માનવ રહિત ગગનયાન મોકલાશે તે પછી ૩ એસ્ટ્રોનોટ્સ માટેની સુવિધા સાથેનું ગગનયાન તેના ૩ દિવસના મિશન દરમિયાન ૪૦૦ કી.મી.ની ઓર્બિટમાં મોકલવામાં આવશે.

દરમિયાન ચંદ્રયાન અંગે 'ઈસરો'ને ખુશખબર મળ્યા છે કે તેનો 'પે લોડ' હજી પણ કામ કરી રહ્યો છે. ઈસરોના ચીફ સોમનાથે આ માહિતી આપતા જણાવ્યું છે કે, ચંદ્રયાન-૩ના રૉવર 'પ્રજ્ઞાને' એ કામ કરી આપ્યું છે કે, જેની આશા રખાતી હતી. સોમનાથ ગુજરાતના સોમનાથ મંદિરમાં દર્શન કરવા ગયા હતા ત્યાં પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું હતું કે, 'હવે ઈસરો એક્સ પીઓ સેટ' કિંવા એક્સરે પોલારમીટર ઉપગ્રહ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. તે નવેમ્બર કે ડિસેમ્બરમાં અંતરિક્ષ સ્થિત કરાશે.

'ચંદ્ર ઉપર 'સૂર્યોદય' થતા ચંદ્રયાન-૩ના સૌર-ઊર્જાથી સંચાલિત લેન્ડર વિક્રમ અને રૉવર 'પ્રજ્ઞાન' સાથે સંપર્ક સાધી તેમને સક્રિય કરવા પ્રયાસો હાથ ધરાશે.

ચંદ્રયાન પછી સૂર્ય મિશનમાં પણ ખુશખબર મળ્યા છે. ઈસરોનું આદિત્ય એલ-૧ પૃથ્વીથી ૯.૨ લાખ કિ.મી.થી પણ વધુ અંતર કાપી રહ્યું છે. અત્યારે તે સન-અર્થ, લૈંગેજ પોઈન્ટ-૧ (એલ-૧) તરફ પોતાનો માર્ગ શોધી રહ્યું છે. હવે તે પૃથ્વીના 'પ્રભાવ ક્ષેત્ર'ની બહાર ચાલ્યું ગયું છે. આવું પહેલીવાર મંગળ ઓર્બિટર મિશન સમયે થયું હતું. આ મિશન, સૂર્યપ્રકાશનું સ્પેક્ટ્રો કોપિક વિશ્લેષણ કરવા ઉપરાંત, તેના ત્રણ પ્લાઝમા ક્ષેત્ર અને ચુંબકીય ક્ષેત્રના ઇન-સીટુ માપદંડો મળશે. આદિત્ય એલ-૧માં બે મુખ્ય પે-લોડ છે. વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફી (વી.ઈ.એલ.સી.) અને સોલર અલ્ટ્રા વાયોલેટ ઈમેજિંગ ટેલીસ્કોપ (એસયુઆઈટી) લૈંગેજ પોઈન્ટ પર પહોંચ્યા પછી તે રોજની ૧,૪૪૦ તસવીરો મોકલશે.

### યુવકનું હાર્ટ અટેકથી થયું મોત

# ૨૬ વર્ષીય યુવક ગરબાની પ્રેક્ટિસ કરતા કરતા ઢળી પડ્યો

## પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી અને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો

સુરત, તા.૫

સુરતમાં વધુ એક યુવાનનું હાર્ટ અટેકના કારણે મોત થયું હતું. મળતી જાણકારી અનુસાર, સુરતના પાલનપુરમાં ગરબાની પ્રેક્ટિસ દરમિયાન યુવકને હાર્ટ અટેક આવ્યો હતો. બાદમાં યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ૨૬ વર્ષીય રાજ મોદી ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો ત્યારે અચાનક તે ઢળી પડ્યો હતો. સારવાર મળે તે અગાઉ જ રાજ મોદીનું મોત થયું હતું. રાજ મોદીના મોતને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. રાજ મોદી એલપી સવાણી રોડ ખાતે ગરબાની પ્રેક્ટિસ કરતો હતો. રાજ નવરાત્રિ બાદ અભ્યાસ માટે લંડન જવાનો હતો. પાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી અને યુવકના મોતને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ગયા મહિનામાં જ સુરતમાં હાર્ટ અટેકના કારણે કેટલાક યુવાઓનું મોત થયું હતું. સુરતના પલસાણાના બગુમરા ગામમાં ગણેશ વિસર્જન દરમિયાન ગરબા કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. દરમિયાન દર્શન જયેશભાઈ રાઠોડ નામનો ૨૧ વર્ષીય યુવક ગરબા રમતા રમતા ઢળી પડ્યો હતો.

બાદમાં યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જો કે યુવકને સારવાર મળે એ પહેલા જ મોત નિપજ્યુ હતું. ગોડાદરામાં ૧૩ વર્ષની વિદ્યાર્થિની શાળામાં જ બેભાન થઈ ગઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. બેભાન થયા બાદ તેણીને હોસ્પિટલ લઈ જવાતા હાજર ડોક્ટરે તેન મૃત જાહેર કરી હતી. નોંધનીય છે કે તાજેતરમાં જ સુરતના કાપોદ્રા વિસ્તારમાં જમ્યા બાદ બેભાન થઈ જતાં રત્નકલાકારનું હાર્ટ અટેકથી મોત થયું હતું. કાપોદ્રા વિસ્તારમાં રહેતો ૨૦ વર્ષીય રત્નકલાકાર જમ્યા બાદ આરામ કરતો હતો, એ દરમિયાન તે બેભાન થઈ જતાં તેનું મોત નીપજ્યું હતું. કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે શ્રીરામનગર સોસાયટીમાં રહેતો અશોકુમાર ગણેશપ્રસાદ કુમાર રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને મદદરૂપ થતો હતો. અશોકુમારનાં ત્રણ મહિના પહેલાં જ લગ્ન થયા હતાં. તાજેતરમાં જ રાજકોટમાં કિશન ધાબેલીયા, રાજેન્દ્રસિંહ વાળા અને મહેન્દ્ર પરમાર નામના વ્યક્તિઓના મોત નીપજ્યા હતા.

### દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલનું ઓપરેશન

# ISISના શાહનવાઝ અને તેનાં નેટવર્કના ચાર શકમંદોની ધરપકડ

## નાસી છૂટેલા શાહનવાઝના અન્ય ત્રણની શોધ ચાલે છે, તે માટે જુદા જુદા સ્થળે દરોડા પાડવામાં આવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૫

દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલ આઈએસઆઈએસ (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરીયા ખિલાફત)ના શાહનવાઝની અને તેનાં નેટવર્કના ચાર શકમંદોની ધરપકડ કરી છે. સાથે નાસી છૂટેલા શાહનવાઝના અન્ય ત્રણ સાથીઓની શોધ ચાલે છે. તે માટે જુદા જુદા સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

સાદા કપડામાં રહેલી દિલ્હી પોલીસે તેને મળેલી બાતમી ઉપરથી પૂના આતંકી મોડયુલના કર્તાહર્તા પૈકી એક શાહનવાઝ અને તેના ૪ સાથીઓની ધરપકડ કરી છે.

મા. શાહનવાઝે તે આતંકી મોડયુલની ખતરનાક યોજના ઓકી નાખતા જણાવ્યું હતુ કે દિવાળી ઉપર જ દિલ્હીને હચમચાવાની યોજના હતી. તે માટે અક્ષરધામ મંદિર પર થયેલા આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ ફરતુલ્લાહ ગૌરી અને તેના જમાઈ શાહીદ ફૈઝલ સૂચનાઓ આપતા હતા. આ બંને પાકિસ્તાન સ્થિત આઈએસઆઈ (ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ)ના શેલ ઉપર છે.

તેઓને ઓડિયો મેસેજ દ્વારા પાકિસ્તાનમાંથી સૂચનાઓ મળતી હતી. તે મોડયુલમાં અન્ય શકમંદો માટે સંદેશ અને કોડ પણ હતા. તેમાં જણાવવામાં આવ્યું હતુ કે, પાકિસ્તાન ઉપર શક ન પડે તે રીતે તેમણે કાર્યવાહી કરવી.

આ પૈકી ફરતુલ્લાહ ગૌરી ૨૦૦૨માં ગુજરાતમાં અક્ષરધામ મંદિર પર થયેલા હુમલામાં સામેલ હતો. તેણે ૨૦૦૨માં જ હૈદરાબાદમાં એસટીએફ ઓફિસમાં સુઈસાઈડ એટેક પણ કરાવ્યો હતો. તે ભારતમાંથી નાસીને પાકિસ્તાનમાં છુપાયો હતો.

ઝારખંડ-નિવાસી આતંકી મોહમ્મદ અશરદને ૧૯ જુલાઈએ અલીગઢમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. પાંચમાં ધોરણ સુધી જ ભણેલો અશરદ ૧૫ દિવસ સુધી તેના સાસરામાં છુપાયેલો રહ્યો તે પછી પકડાઈ ગયો. આ પછી પોલીસે દિલ્હી અને ફરીદાબાદમાં પણ હાઈએલર્ટ જાહેર કર્યો છે.

કોણ ક્યારે અને કયાંથી હુમલો કરશે તેની ચિંતા છે. તેથી દિલ્હી ઉપરાંત દેશનાં મહત્વના શહેરો મુંબઈ, ચેન્નાઈ, કોલકાતામાં પણ પોલીસ સજાગ બની ગઈ છે.

### મધ્યપ્રદેશમાં રાજકારણમાં ગરમાવો

# મુખ્યપ્રધાન તરીકે શિવરાજની વિદાય નક્કી હોવાના સંકેત

## તાજેતરના શિવરાજ સિંહના કેટલાક ભાષણો જાણે તેઓ વિદાય જ લઈ રહ્યા હોય તેવા સંકેત આપી રહ્યા છે

ભોપાલ, તા.૫

મધ્યપ્રદેશમાં હાલમાં વિધાનસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત તો થઈ નથી પરંતુ રાજકારણ અત્યારથી ગરમાયું છે. ખાસ કરીને મુદ્દો એ છે કે ભાજપ જીતે કે હારે... પણ મુખ્યમંત્રી કોણ બનશે? શું શિવરાજ સિંહ ચૌહાણને ફરી આ પદભાર સોંપાશે? કે પછી તેમની વિદાય નક્કી થઈ ગઈ છે.

તાજેતરના શિવરાજ સિંહના કેટલાક ભાષણો જાણે તેઓ વિદાય જ લઈ રહ્યા હોય તેવા સંકેત આપી રહ્યા છે. આ દરમિયાન ભાજપના વધુ એક કદાવર નેતાએ આ ચર્ચાને વેગ આપી દીધો છે. મધ્યપ્રદેશમાં હાલમાં સત્તાધારી પાર્ટી ભાજપે હાલ પૂરતું પીએમ મોદીને જ ચહેરા તરીકે આગળ ધરીને ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. જ્યારે બીજી બાજુ ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયની સાથે જ કેન્દ્રીયમંત્રી નરેન્દ્ર સિંહ તોમર, પ્રહ્લાદ પટેલ અને ફગ્ગન સિંહ સહિત દિગ્ગજ નેતાઓને ચૂંટણી મેદાને ઉતારી દીધા છે. હજુ સુધી સીએમ શિવરાજની ઉમેદવારીને લઈને સસ્પેન્સ યથાવત્ જ છે.

સીએમ શિવરાજની ઉમેદવારી તરીકે વાત કરીએ તો હવે તો ભાજપને સત્તામાં વાપસી કરવા ઉપર પણ શંકા થઈ રહી છે. સસ્પેન્સ વધતો જઈ રહ્યો છે. જોકે ભાજપ તરફથી એવા સંકેત છે કે શિવરાજ હાલ પૂરતાં તેમના માટે શુભ નથી. છેલ્લા કેટલાક દિવસોથી શિવરાજ પણ વિદાયના જ સંકેત આપી રહ્યા છે.

દરમિયાન કૈલાશ વિજયવર્ગીયના એક નિવેદને ચર્ચાનું ચકડોળ શરૂ કરી દીધું છે. ઈન્દોર-૧ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું છે કે હું ફક્ત ધારાસભ્ય બનવા નથી આવ્યો પણ પાર્ટી મોટી જવાબદારી સોંપશે. વિજયવર્ગીયના આ નિવેદનથી જ અટકળો થવા લાગી છે કે શું ભાજપના નેતૃત્વએ શિવરાજને વિદાયનો સિગ્નલ આપી દીધો છે?

### અમદાવાદમાં વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપનો શાનદાર પ્રારંભ

# જો રૂટની અડધી સદી સાથે ઈંગ્લેન્ડના ન્યૂઝીલેન્ડ સામે નવ વિકેટે ૨૮૨ રન

## ન્યૂઝીલેન્ડ ટીમની ચૂસ્ત બોલિંગ અને ફિલ્ડીંગ સામે ઈંગ્લેન્ડના બેટસમેનો અપેક્ષિત સ્કોર ન ખડકી શક્યા

અમદાવાદ, તા.૫

ઓપનર જો રૂટ (૭૭) અને સુકાની જોસ બટલર (૪૩)ની લડાયક બેટિંગના જોરે ગત વર્લ્ડ કપની વિજેતા ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડ સામેની વર્લ્ડ કપની પહેલી મેચમાં નવ વિકેટના ભોગે ૨૮૨ રન બનાવીને કીવી ટીમ સમક્ષ ૨૮૩ રનનો પડકાર મૂક્યો હતો. બેટિંગ માટે સરળ મનાતી વિકેટ પર નિયમિત સુકાની કેન વિલિયમ્સન વિના મેદાનમાં ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમના સુકાની ટોમ લથામે ટોસ જીતીને પહેલી ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

ઈંગ્લેન્ડની શરૂઆત ઠીક રહી હતી અને ઓપનર્સ ટીમને મજબૂત શરૂઆત આપે એ પહેલાં ડેવિડ મલાનનેને હેનરીએ લથામના હાથમાં ૧૪ રને ઝિલાવીને ટીમને પ્રથમ સફળતા અપાવી હતી. એ પછી સેન્ટનરે જોની બેરિસ્ટોને (૩૩) રને મિચેલના હાથમાં ઝિલાવી દીધો હતો. એ સમયે ઈંગ્લેન્ડનો સ્કોર ૬૪ રન હતો. રૂટ અને હેરી બ્રુકે બાજી સંભાળવાનો પ્રયાસ કર્યો અને ટીમના સ્કોરને ૯૪ રને પહોંચાડ્યો જ્યારે બ્રુક ૨૫ રન બનાવીને રવિન્દ્રના બોલે કોન્વેના હાથમાં ઝિલાઈ ગયો હતો. મોઈન અલી પણ ૧૧ રન બનાવીને ફિલિપ્સના બોલે બોલ્ડ થયો હતો. સુકાની જોસ બટલરે રૂટ સાથેની પાંચમી વિકેટની ભાગીદારીમાં મહત્વપૂર્ણ ૭૦ રન ઉમેર્યા હતા અને ટીમના સ્કોરને ૧૮૮ રને પહોંચાડ્યો. આ તબક્કે બટલર ૪૩ રન બનાવીને હેન્રીના બોલે લથામના હાથમાં ઝિલાઈ ગયો હતો.જો રૂટ ૮૬ બોલમાં ચાર બઉન્ડ્રી અને એક સિક્સર સાથે ૭૭ રન બનાવીને ફિલિપ્સના બોલે બોલ્ડ થતાં મેચમાં જંગી જુમલાની ઈંગ્લેન્ડની ટીમન આશા પર પાણી ફરી વળ્યું હતું. લિયામ લેવિંગ્સ્ટોન ૨૦, સેમ કુરેન ૧૪ અને ક્રિસ વોક્સ ૧૧ રન બનાવીને આઉટ થયા હતા. અંતે આદિલ રસિદ (૧૫) અને માર્ક વૂડ (૧૩) રને અણનમ રહ્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી મેટ હેરીએ ૪૮ રનમાં ત્રણ જ્યારે મિચેલ સેન્ટનર અને ગ્લેન ફિલિપ્સે બે-બે તથા ટ્રેન બોલ્ટ અને રચિન રવિન્દ્રએ એક-એખ વિકેટ લીધી હતી.

**સ્કોરબોર્ડ**

ઈંગ્લેન્ડ

| | | |
|---|---|---|
| જોની બેરશો | કો.મિચેલ બો.સેન્ટનર | ૩૩ |
| ડેવિડ મલાન | કો.લાફતમ બો.હેન્રી | ૧૪ |
| જોય રૂટ | બી.ફિલીપ્સ | ૭૭ |
| હેરી બ્રુક | કો.કોનવે બો.રવિન્દ્ર | ૨૫ |
| મોઈન અલી | બો.ફિલીપ્સ | ૧૧ |
| બટલર | કો.લાથમ બો.હેન્રી | ૪૩ |
| લીવીંગસ્ટોન | કો.હેન્રી બો.બોલ્ટ | ૨૦ |
| સેમ કરન | કો.લાથમ બો.હેન્રી | ૧૪ |
| ક્રિસ વોકીસ | કો.યંગ બો.સેન્ટનર | ૧૧ |
| આદિલ રશીદ | નોટઆઉટ | ૧૫ |
| માર્ક વુડ | નોટઆઉટ | ૧૩ |
| વધારાના | | ૦૬ |
| કુલ | (૫૦ ઓવરમાં) | ૨૮૨ |

પતન : ૧-૪૦, ૨-૬૪, ૩-૯૪, ૪-૧૧૮, ૫-૧૮૮, ૬-૨૨૧, ૭-૨૨૯, ૮-૨૫૦, ૯-૨૫૨.

બોલિંગ : બોલ્ટ : ૧૦-૪-૪૮-૧, હેન્રી : ૧૦-૧-૪૮-૩, સેન્ટનર : ૧૦-૦-૩૭-૨, જેમ્સ નિશમ : ૭-૦-૫૬-૦, રવિન્દ્ર : ૧૦-૦-૭૬-૧, ગ્લેન ફિલીપ્સ : ૩-૦-૧૭-૨.

### ગુજરાતમાં વધશે પશુ ચિકિત્સા સેવાનો વ્યાપ

# રાજ્યમાં નવા ૨૫૦ મોબાઈલ પશુ દવાખાનાનો પ્રારંભ થશે

## ઘર આંગણે પશુને વિનામૂલ્યે સારવાર અપાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે ઉદ્યોગ સહિતના અન્ય ક્ષેત્રો સાથે પશુપાલન ક્ષેત્રને પણ એટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડી ‘દરેક જીવને અભયદાન‘નો મંત્ર સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેકવિધ પશુ કલ્યાણકારી પ્રયાસો હાથ ધર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં શરૂ કરેલી પશુ આરોગ્ય સેવાનો વ્યાપ વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશુ સારવાર માટેની મહત્વપૂર્ણ યોજના ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ અંતર્ગત રાજ્યમાં ચાલુ વર્ષે **EMRI-GHS** મારફતે ૨૫૦ નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવશે. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત આજે દરેક ક્ષેત્રે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહ્યું છે. પશુપાલન ક્ષેત્રે પણ ગુજરાત હરહંમેશ અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહામૂલા પશુધન માટે ઘર આંગણે પશુ ચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ યોજના હેઠળ ગુજરાતમાં કાર્યરત ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે ૫૩૦૦થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

રાજ્યના મહત્તમ ગામડાઓને આ સેવાનો લાભ મળે તે માટે નવા ફરતા પશુ દવાખાના શરૂ કરી વધુ ગામડાઓને આવરી લેવાની રાજ્ય સરકારની નેમ છે. તેઓએ ઉમેર્યું હતું કે, આ નેમને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં જ નવા ૨૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો રાજ્ય સરકાર દ્વારા પશુ હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. જે પૈકીના ૨૦૦ નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને ૫૦ નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ રૂ.૧૭.૭૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

પશુપાલન મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, નવા ૨૫૦ ફરતાં પશુ દવાખાનાના માધ્યમથી રાજ્યના વધુ ૨૫૦૦ જેટલા ગામના પશુઓને ઈમરજન્સીમાં ઓન કોલ ૧૯૬૨ નંબર પર ફોન કરવાથી ઘર આંગણે જ પશુ સારવારની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. ગામોમાં આ સેવા ઘરબેઠા ઉપલબ્ધ થવાથી જે તે વિસ્તારમાં પશુચિકિત્સા સેવાના વ્યાપમાં પણ વધારો થશે. કુદરતી હોનારત અને રોગચાળો ફાટી નીકળે તેવી વિકટ સ્થિતિમાં પણ રોગચાળા નિયંત્રણની કામગીરી માટે આ ફરતાં પશુ દવાખાના ઉપયોગી સાબિત થશે.

### ૫ જિલ્લામાં ચાર હજારથી વધુ થયા છે ખોટા લગ્ન

# ગુજરાતમાં ખોટી રીતે લગ્ન નોંધણીના રેકેટનો પર્દાફાશ

## આણંદ, બનાસકાંઠા, અમરેલી અને ખેડા જિલ્લામાં આવી ખોટી રીતે લગ્ન કરનાર લોકોની સંખ્યા વધારે છે

મહેસાણા, તા.૫

ખોટી રીતે લગ્ન નોંધણીના રેકેટનો સરદાર પટેલ ગ્રુપે પર્દાફાશ કર્યો છે. **SPG**ના લાલજી પટેલે દાવો કર્યો છે કે, રાજ્યના ૫ વિસ્તારોમાં ૪૧૩૦ લગ્નો ખોટી રીતે થયા છે. આણંદ, બનાસકાંઠા, અમરેલી અને ખેડા જિલ્લામાં આવી ખોટી રીતે લગ્ન કરનાર લોકોની સંખ્યા વધારે છે. કેટલાક કિસ્સામાં લગ્ન વિધિ ન થઈ હોય અને લગ્નનું પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યા છે. અથવા તો લગ્ન વિધિના સ્થળ તરીકે ખોટું સ્થળ દર્શાવવામાં આવ્યું છે.

સરદાર પટેલ ગ્રુપની માંગ છે કે, દીકરી જે ગામની હોય ત્યાં જ નોંધાણી થાય અને પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરવામાં આવે. પાટીદાર સમાજની સંસ્થા **SPG**એ લગ્ન નોંધણીનું રાજ્ય વ્યાપી રેકેટ ચાલતું હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. એસપીજીએ દાવો કર્યો છે કે ફક્ત પાંચ જિલ્લામાં જ ચાર હજારથી વધુ બોગસ લગ્ન કરાવવામાં આવ્યા છે.

આ મામલે સંગઠને રાજ્ય સરકાર સમક્ષ તપાસની માગ કરી છે. સરદાર પટેલ ગ્રુપના અધ્યક્ષ લાલજી પટેલે એક મોટો દાવો કર્યો છે. તેમનો આક્ષેપ છે કે ખોટી રીતે લગ્નની નોંધણીનું રાજ્યવ્યાપી રેકેટ ચાલી રહ્યું છે. આ માટે તેમણે આંકડા પણ રજૂ કર્યા છે.

લાલજી પટેલનો દાવો છે કે રાજ્યમાં પાંચ જગ્યાએ જ ચાર હજાર ૧૩૦ લગ્નની નોંધણી ખોટી રીતે કરવામાં આવી છે. જેમાંથી આણંદ, બનાસકાંઠા, અમરેલી અને ખેડામાં લગ્નની ખોટી નોંધણીની સંખ્યા સૌથી વધુ છેલાલજી પટેલનો દાવો છે કે બનાસકાંઠાના સમોના ગામમાં એક વર્ષમાં ૧૫૯ લગ્ન નોંધણી થઈ છે, જ્યારે બાલુન્દ્રામાં ૩ મહિનામાં ૭૦ લગ્નની નોંધણી થઈ છે.

અમરેલીના વડિયામાં ૩ વર્ષમાં ૧૬૩૯ ખોટા લગ્નની નોંધણી થઈ છે. ખેડાના લસુન્દ્રામાં બે વર્ષમાં આવા ૪૬૦ તેમજ આણંદના રેલ, વલ્લી, ખાખસર અને જીનજ ગામમાં ૫ વર્ષમાં ૧૮૦૨ લગ્ન નોંધણી એક જ અધિકારીએ કરી છે.

આણંદના રેલ ગામમાં ૧૧૦૦ની વસ્તી સામે ૧૨૦૦ લગ્નની નોંધણી થઈ છે. લાલજી પટેલનું માનીએ તો **SPG**એ ખોટા લગ્નની નોંધણી માટે કરેલી તપાસમાં આ માહિતી સામે આવી છે. આ તો ફક્ત પાંચ જિલ્લાના આંકડા છે. જે બોગસ લગ્નની નોંધણીના રાજ્યવ્યાપી રેકેટ તરફ નિર્દેશ કરે છે. તેમનો દાવો છે કે કેટલાક કિસ્સામાં તો લગ્નની વિધિ થઈ ન હોવા છતા લગ્નના પ્રમાણપત્ર આપી દેવાયા છે અને ઘણા કિસ્સામાં લગ્નનું સ્થળ ખોટું દર્શાવવામાં આવ્યું છે.

અધૂરા કે બનાવટી દસ્તાવેજોના આધારે પણ લગ્ન કરાવવામાં આવ્યા છે. રાજ્ય બહારના લોકો ગામના જૂના મંદિરોમાં લગ્ન કરે છે. એક જ વ્યક્તિ એકથી વધુ લગ્નોમાં સાક્ષી બન્યો હોવાનો પણ દાવો કરાયો છે.

નોંધણી રજિસ્ટ્રાર સમક્ષ લગ્ન નોંધણીના દસ્તાવેજોની ખરાઈ પણ કરવામાં નથી આવતી. સરદાર પટેલ ગ્રુપનું કહેવું છે કે ખોટી લગ્ન નોંધણી તમામ સમાજની સમસ્યા છે. આ દૂષણને રોકવા **SPG**એ રાજ્ય સરકાર સમક્ષ તપાસની માગ કરી છે. સાથે જ દિકરી જે ગામની હોય ત્યાં જ લગ્નની નોંધાણી કરવાની અને પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરવાની માગ કરાઈ છે. આ માટે સર્વસમાજની બેઠક પણ બોલાવાઈ છે. જો એસપીજીનો આ દાવો સાચો હોય તો આ ગંભીર બાબત છે, જેની તપાસ જરૂરી છે. લગ્નની ખોટી નોંધણીના કારણો સામે આવે તે પણ અનિવાર્ય છે.

### તલાટી અને જુનિયર ક્લાર્કની પરીક્ષામાં પાસ માટે મહત્વના સમાચાર

# રાજ્યમાં તલાટી-જુનિયર ક્લાર્કની જગ્યાઓ પર ફાળવણી શરૂ

## ૧૨ તારીખ સુધી તલાટીની અને ૧૭ તારીખ સુધી જુનિયર ક્લાર્કના ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં અગાઉ લેવાયેલી તલાટી અને જુનિયર ક્લાર્કની પરીક્ષામાં પાસ થયેલા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

આજથી તલાટી અને જુનિયર ક્લાર્કની જગ્યાઓ પર ફાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પંચાયત સેવા બોર્ડ દ્વારા આજથી જિલ્લા ફાળવણી શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૨ તારીખ સુધી તલાટીની અને ૧૭ તારીખ સુધી જુનિયર ક્લાર્કના ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરવામાં આવશેજે બાબતે પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખ પટેલે વિગતો આપતા કહ્યું કે, આજે જિલ્લા ફાળવણીનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

પંચાયત વિભાગ દ્વારા અમને લેટેસ્ટ માહિતી મળી એટલે અમે આ કામ તરત જ ચાલુ કર્યું છે.

ઉમેદવારોને વધારે વિલબ ન કરવો પડે તેના માટે તુરંત પ્રક્રિયા હાથ ધરી છે. તેમણે ઉમેર્યું કે, આજે તલાટીની જિલ્લા ફાળવણી શરૂ થઈ છે, જે ૧૨ તારીખ પૂરી થશે, જેના પછી જુનિયર કલાર્કની ફાળવણી શરૂ થશે જે ૧૭ તારીખે પૂરી થશે. જે પછી કોમન ઉમેદવારોની માહિતી મળશે, તેમજ ખાલી જગ્યાઓ ભરવાનો પ્રયત્ન કરવામાં આવશે, આપણે પ્રતિક્ષા યાદીનું કામ સમયાંતર કરતા જ હોઈ છીએ.

હસમુખ પટેલે કહ્યું કે, જિલ્લા ફાળવણી બાદ ઉમેદવારોને જિલ્લામાં રિપોર્ટ કરવાનો રહેશે. અનામત વર્ગના ઉમેદવારોની ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા જિલ્લામાં જ કરવામાં આવશે.

જે માટે ઉમેદવારોને એક ફોર્મ ભરી જે તે જિલ્લામાં રિપોર્ટ કરવાનો રહેશે. કહ્યું કે, હવે પછી ઉમેદવારો જિલ્લા કક્ષાએ રિપોર્ટીંગ કરશે

### હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા તૈયાર કરાયું છે

# વાયુદળને ટ્વિન સીટર લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ અર્પિત કરાયું

## વિમાન ફાઈટર વિમાનની પણ કાર્યવાહી કરી શકે તેમ છે

બેંગલુરૂ, તા.૫

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચ.એ.એલ.) દ્વારા બુધવાર ભારતીય વાયુદળ (આઈએએફ) ને ટ્વિન સીટર લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ અર્પિત કરાયું છે. આ વિમાન જરૂર પડે ફાઈટર વિમાનની પણ કાર્યવાહી કરી શકે તેમ છે.

આ પ્રસંગે સંરક્ષણ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી અજય ભટ્ટ મુખ્ય મહેમાન પદે હતા. આ પ્રસંગે રીલીઝ ટુ સર્વિસ તેમ જ સિગ્નલિંગ આઉટ સર્ટિફિકેટ (એસ.ઓ.સી.) પણ રજુ કરાયાં હતાં.

આ પ્રસંગે ચીફ ઓફ એર સ્ટાફ, એર ચીફ માર્શલ વી.આર.ચૌધરી સહિત અન્ય વરિષ્ટ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. આ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (એલ.સી.એ.) ટ્વિન સીટર લાઈટ વેઈટ, ઓલ-વેધર મલ્ટી રોલ ૪.૫ જનરેશનનું એરક્રાફ્ટ છે.

તેમાં ટેકનોલોજીનાં વર્તમાન ખ્યાલો જેવા કે, રીલેક્સડ સ્ટેટિક સ્ટેબિલીટી ક્વોટા પોક્સ ફલાય બાય વાયર કંટ્રોલ કેર ફ્રી મોડયુલિંગ, એડવાન્સ્ડ ગ્લાસ કોકપીટ, ઈન્ટીગ્રેટેડ ડીજીટલ એવીયોનિક્સ સીસ્ટીમ્સ અને એડવાન્સ્ડ કોમ્પોઝિટ મટીરીયલ્સ ફોર એર ફ્રેમ, નો સમાવેશ કરાયો છે. તેમ પણ એચ.એ.એલ. દ્વારા કહેવામાં આવ્યું છે.

આ વિમાન આત્મનિર્ભર ભારતની ખાદ્યમાં એક નવું છોગું બની રહેશે. તેમ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે. એચ.એ.એલ. વધુમાં જણાવે છે કે આથી ભારત દુનિયાના થોડા એક જ એલિટ દેશોમાં પોતાનું સ્થાન સ્થિર કરી રહેશે. આથી આગળ આવવા માગતા પાયલોટસને પ્રોત્સાહન પણ મળશે.

### રાજકોટમાં હાર્ટએટેક કેસમાં ચિંતાજનક વધારો

# રાજકોટમાં છેલ્લા એક મહિનામાં હાર્ટ એટેકના ૪૫૦ કેસ નોંધાયા

## એક મહિનામાં ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને ૪૫૦ થી વધુ કેસ નોંધાયા છે, જેને લઈ વહીવટી તંત્ર દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે

રાજકોટ, તા.૫

રાજકોટમાં દિવસેને દિવસે યુવાનોમાં હાર્ટ એટેકનાં કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. રાજકોટમાં છેલ્લા એક મહિનામાં હાર્ટ એટેકનાં ૪૫૦ કેસ નોંધાયા છે. તેમજ એક મહિનામાં ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને ૪૫૦ થી વધુ કેસ નોંધાયા છે. જેને લઈ વહીવટી તંત્ર દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ નવરાત્રી સમયે અર્વાચીન રાસોત્સવ થતા હશે ત્યાં હોટ સ્પોટ નક્કી કરાશે. તેમજ હવે ઈમરજન્સી ૧૦૮માં પણ છઈઙ્ઢ મશીન રાખવામાં આવશે.

આ બાબતે રાજકોટ જીલ્લા કલેક્ટર પ્રભવ જોષી દ્વારા આજે રાજકોટ કલેક્ટર ઓફીસ ખાતે ગરબા આયોજકો, આઈએમએનાં ડૉક્ટર, રેડક્રોસનાં ડૉક્ટર, મેડીકલ કોલેજનાં ડૉક્ટર, સાંસદ સભ્યની હાજરીમાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીનું જે જગ્યાએ આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં નીચે મુજબની સુવિધાઓ હોવી જરૂરી છે. જેમાં

- સીપીઆરની તાલીમ આપેલો સ્ટાફ હોય.
- દરેક ગરબા સ્થળ ઉપર એક મેડીકલ કાઉન્સીલર હોય.
- એમ્બ્યુલન્સને આવવા જવાની વ્યવસ્થા હોય.
- તેમજ સીપીઆરની જાગૃતતા માટે વીડિયોનું નિદર્શન આ તમામ મુદ્દાઓ બાબતે ગરબા આયોજકોને સૂચના આપવામાં આવી છે.તેમજ આ મીટીંગમાં ૧૦૮ ની ટીમનાં પ્રતિનિધિ હાજર હતા. તેમને પણ સૂચના આપવામાં આવી છે કે જ્યાં પાંચ થી દસ હજાર જેટલું મોટું ગરબાનું આયોજન થયું હોય ત્યાં હોટસ્પોટ તરફ ધ્યાન રાખવું જોઈએ. તેમજ વહેલામાં વહેલી તકે ત્યાં એમ્બ્યુલન્સ પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. **IMA** તરફથી પણ એમનાં પ્રતિનિધિ હાજર હતા. તેમણે પણ તાલીમમાં પૂરો સહકાર આપવાનું કીધું છે.

તેમજ સ્વૈચ્છીક રીતે પણ ડૉક્ટરો અમારી સાથે જોડાવાનાં છે. અને ગરબા સ્થળે તેમની ટીમ સાથે મેડીકલની સેવા આપશે. હાર્ટ એટેકનાં સતત વધતા જતા કેસ બાબતે કલેક્ટરે કહ્યું હતું કે, રાજકોટમાં દર મહિને ૪૫૦ જેટલા હાર્ટ એટેકનાં કેસ નોંધાય છે. ત્યારે નવરાત્રીએ આપણો સારો તહેવાર છે. એ તબક્કે ઓવર ટ્રેસનાં લીધે વધુમાં કોઈ કેસ ન થાય એના માટે આ બધી કાળજી રાખવામાં આવી રહી છે. ૧૦૮ માં પણ જરૂરી સુવિધાઓ સાથે **AED** મશીન (જે ઝટકા મારીને હૃદયને ધબકતું કરતું મશીન) સાથે જરૂરી મેડીસીન સાથે રાખવામાં આવશે. રાજકોટમાં જીલ્લામાં કુલ ૪૨ ઈમરજન્સી ૧૦૮ છે. જેમાંથી ૨૨ ઈમરજન્સી ૧૦૮ રાજકોટ શહેરમાં છે. આ બાબતે રાજકોટનાં રાજ્ય સભાનાં સાંસદ રામભાઈ મોકરિયાએ નિવેદન આપ્યું હતું કે, ભાજપ ડૉક્ટર સેલનાં તબીબો પણ નવરાત્રી આયોજકોને ફ્રી સેવા આવશે. હાર્ટ એટેકનાં કેસને લઈ તબીબોને ભાજપ ખડે પગે રાખશે. વધતા હાર્ટ એટેકનાં કેસને લઈ આયોજકોને પણ સૂચના આપી છે. તેમજ અર્વાચીન રાસોત્સવમાં તબીબો રાખવા પણ સૂચના આપવામાં આવી છે. મેડિકલ કોલેજનાં સ્ટુડન્ટસને પણ નવરાત્રી ગ્રાઉન્ડમાં ડ્યુટી ફાળવવા માટે સિવિલ સુપ્રિટેન્ડન્ટ સાથે ચર્ચા કરવામાં આવશે.

### રાજ્યમાં વધુ એક હાર્ટ અટેકના કારણે મૃત્યુ થયું

# રાજકોટમાં ૩૫ વર્ષીય યુવકનું હાર્ટ અટેકના કારણે નિધન થયું

## સુધીરને રાત્રે છાતીમાં દુખાવો ઉપડતાં સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન સુધિર રામનું નિધન થયું

રાજકોટ, તા.૫

આજે ગુજરાતમાં હાર્ટ અટેકના કારણે બે યુવકોએ જીવ ગુમાવ્યા છે. રાજકોટમાં ૩૫ વર્ષીય સુધીર રામનું હાર્ટ અટેકના કારણે નિધન થયું છે.

સુધીરને રાત્રે છાતીમાં દુખાવો ઉપડતાં સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન સુધિર

રામનું નિધન થયું હતું. જો કે મળ [redacted]
મા [redacted] મુજબ સુધીર લાં [redacted]
સમ [redacted] દયરોગથી પીડિતા હ [redacted]
અ [redacted] તેમણે સારવાર [redacted]
કર [redacted]. સુધીરના મોતથી [redacted]
સંત [redacted] પિતાની છત્રછા [redacted]
ગુમ [redacted]
[redacted] અચાનક યુવ [redacted]
દીક [redacted] મોતથી પરિવાર [redacted]
આ [redacted] સરી પડ્યો છે.તો બી [redacted]

[redacted] રફ આજે સુરતમાં વધુ એક
[redacted] નનું હાર્ટ અટેકના કારણે મોત
[redacted] ું હતું. મળતી જાણકારી
[redacted] નુસાર, સુરતના પાલનપુરમાં
[redacted] રબાની પ્રેક્ટિસ દરમિયાન
[redacted] કને હાર્ટ અટેક આવ્યો હતો.
[redacted] દમાં યુવકને સારવાર માટે
[redacted] સ્પિટલમાં ખસેડવામાં આવ્યો
[redacted] ો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર
[redacted] ર્યો હતો.

### દેશના કેટલાક ભાગમાં ભૂકંપના આંચકા જારી

# ઉત્તરકાશીમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, કોઈ નુકશાન નહીં

ઉત્તરકાશી, તા.૫

ઉત્તરાખંડના ઉત્તર કાશીમાં ગુરુવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર રિકટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૨ મપાઈ હતી. જોકે આ ભૂકંપથી અત્યાર સુધી કોઈપણ પ્રકારના જાન માલના નુકસાનના અહેવાલ મળ્યાં નથી.

ઉલ્લેખનીય છે કે મંગળવારે બપોરે દિલ્હી એનસીઆરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. એ સમયે પણ ઉત્તરકાશીમાં ધરાં ધ્રૂજી હતી.

ત્યારે આવેલા ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૫.૫ મપાઈ હતી. ત્યારે ભૂકંપ રાજધાની દહેરાદૂન સહિત શ્રીનગર, ઉત્તરકાશી, ટિહરી અને કુમાઉ મંડલમાં અનુભવાયો હતો.

તે સમયે ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે નેપાળમાં હતું.

### એશિયન ગેમ્સમાં ભારતીય ટુકડીનો શાનદાર દેખાવ

# આર્ચરીમાં અને સ્કવોશમાં ભારતીય ટીમને ગોલ્ડ મેડલ

## ભારત પાસે કુલ ૮૪ મેડલ છે જેમાં ૨૧ ગોલ્ડ જયારે ૩૧ સિલ્વર અને ૩૨ બ્રોન્ઝ મેડલ સામેલ છે

હાંગઝોઉ, તા.૫

ભારતને એશિયન ગેમ્સ ૨૦૨૩ના ૧૨માં દિવસે સૌ પ્રથમ આર્ચરીમાં જ્યોતિ સુરેખા, અદિતિ સ્વામી અને પ્રણીત કૌરે ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

ત્યાર બાદ સ્કવોશ મિક્સ ડબલ્સમાં દીપિકા પલ્લીકલ અને હરિંદર સંધુએ બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. હવે કમ્પાઉન્ડ મેન્સ ટીમ આર્ચરીમાં ભારતે ગોલ્ડ મેડલ જીત્યો છે.

કમ્પાઉન્ડ મેન્સ ટીમ આર્ચરીમાં ઓજસ દેવતલે, અભિષેક વર્મા અને જાવકર પ્રથમેશ સમાધાનની ટીમે દક્ષિણ કોરિયાને ૨૩૫-૨૩૦ના માર્જિનથી હરાવ્યું હતું. ભારતનો આ ૧૨માં દિવસનો અત્યાર સુધીનો આ ત્રીજો ગોલ્ડ છે. આ સાથે જ ભારતે એશિયન ગેમ્સ ૨૦૨૩માં અત્યાર સુધી કુલ ૨૧ ગોલ્ડ મેડલ જીતી લીધા છે. ભારત પાસે કુલ ૮૪ મેડલ છે જેમાં ૨૧ ગોલ્ડ જયારે ૩૧ સિલ્વર અને ૩૨ બ્રોન્ઝ મેડલ સામેલ છે.

# લીલીયા ખાતે સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા જનજાગૃત્તિ સેમિનાર યોજાયો



અમરેલી જીલ્લામાં દરેક પોલીસ સ્ટેશન ખાતે લોકોમા સાઈબર ક્રાઈમ અંતર્ગત જન જાગૃતિ સેમીનારનું આયોજન કરવા સુચના હોય જે અંતર્ગત એસ. આર.ગોહીલ પો.સબ.ઈન્સ લીલીયા પોલીસ સ્ટેશનની અધ્યક્ષતામા પો.સબ. ઈન્સ. જે.એમ. કડછા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સાઈબર ક્રાઈમ સેમીનારનુ આયોજન કરવામા આવેલ હતું.આ દરમ્યાન લોકોમા સાઈબર ફ્રોડ બાબતે માહીતગાર કરી સાઈબર ફ્રોડ કરતા ઈસમોથી બચવા શુ કરવુ અને કેવી રીતે આવી પ્રવૃતિ અટકાવવી તેમજ સાઈબર ક્રાઈમથી બચવા કઈ બાબતોનુ ધ્યાન રાખવુ તેમજ મોબાઈલોમા આવતી લોભામણી જાહેરાતો તેમજ બીન જરૂરી એપ્લીકેશન તથા લોન મેળ વવા અંગેની એડવેટાઈઝ અને અન્યસોશ્યલ મીડીયાના માધ્યમથી અવનવી તરકીબોથી લોકોની સાથે છેતરપીંડી કરતા સાઈબર ફ્રોડ સામે જન જાગૃતિ લાવવા અંગે જરૂરી સુચનો તેમજ માર્ગદર્શન આપવામા આવેલ અને લોકોને સાઈબર ક્રાઈમથી બચવા સજાગ કરી આવી પ્રવૃતિ ટાળવા જાગૃત કરેલ તેમજ કોઈ ફ્રોન ક્રોલમા ઓટીપી પાસ વર્ડ કે પોતાની અંગત માહીતી કોઈ પણ અજાણી વ્યકતિ કે જે બેંકમાંથી બોલુ છુ કે અંગણવાડીમાંથી બોલુ છુ. કે કોઈ હિન્દી કે ભાષામાં તમારી માહીતી મેળ વવાની કોષીશ કરતા હોય તો સજાગ થવુ અને કોઈ પણને અંગત માહીતી ઓટીપી પાસવર્ડ કે અન્ય માહીતી આપવી નહી કે કોઈ પણ અજાણી લીંક કલીક નહી કરવી તથા અન્ય કોઈ રીતે ફસાવવા કોશીષ કરતા તેમજ કોઈ અજાણ્યા ન્યુડ વિડીયો કોલ તેમજ વ્હોટસઅપ કોલ કે અન્ય ફ્રોન કોલ આવતા હોય તો તેનાથી બચવા અને કોઈ પણ અંગત માહીતી નહી આપવા કે કોઈ દબાણમા આવી રૂપીયા માંગેતો નહી આપવા તથા અજાણી સ્કીમની લાલચમા આવી કોઈ પણના ખાતામા ઓનલાઈન પૈસા ટ્રાન્સફર નહીં કરવા તથા બેંક ખાતાની માહીતી ન આપવી કે કોઈ બેંકમા પૈસા નહી મોકલવા જાગૃત કરવામા આવેલ તથા આવી ભુલ થઈ ગયેલ હોય તો તુર્તજ સ્ટેટ સાઈબર ક્રાઈમ ગાંધીનગર ખાતે ટોલ ફ્રી નં–૧૯૩૦ ઉપર સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ કરવામા આવેલ તેમજ સાઈબરક્રાઈમ અંગે લોકોમા જાગૃતિ લાવવા અંગે માર્ગદર્શન આપવામા આવેલ અને સાઈબર ક્રાઈમ અંતર્ગત જન જાગૃતિ સેમીનારનુ લીલીયા પોલીસ સ્ટેશન તથા સલડી ગામ ખાતે સુંદર આયોજન કરવામાં આવેલ હતું તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ગુજરાતમાં ભાજપ સરકારના શાસનમાં

ગુજરાતમાં ઝોન પ્રમાણે સંમેલનો બોલવામાં આવશે. ભાજપ સરકાર દલીતો અને વંચિતો સાથે સતત અન્યાય કરી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે દેશના નાગરિકો અને દલીતો સામે સંવિધાનને બચાવી રાખવું સૌથી મોટો પડકાર છે. દરેક તાલુકા જિલ્લામાં બહુજન ગ્રામ પંચાયત અને સંવિધાન રક્ષક બનાવવામાં આવશે. કેન્દ્રની તાત્કાલિક યુપીએ સરકારનાં મનરેગા કાયદા થકી બેરોજગારી હટાવી શકાય છે પણ ભાજપ સરકાર મનરેગાનો યોગ્ય ઉપયોગ કરવા માંગતી નથી.દેશમાં ૨૨ કરોડ લોકોએ નોકરી માટે અરજીની સામે ભાજપ સરકારે માત્ર થોડા જ યુવાનોને જ નોકરી આપી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટનાં પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયાએ જણાવ્યું હતું કે ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં જે બંધારણ બન્યું હતું તેનો ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. તે દિવસની આપણે બંધારણ દિવસ તરીકે ઉજવીએ છીએ તો આ વર્ષે ૨૦૨૩ને ૨૬ નવેમ્બરથી બંધારણની અપનાવવામાં આવ્યું હતું તેને ૭૫ મું વર્ષ ચાલુ થાય છે તો આપણે બધાએ આ વર્ષે ૨૬ નવેમ્બર ૨૦૨૩ થી ૨૬ નવેમ્બર ૨૦૨૪ સુધી આખું વર્ષ સુધી બંધારણને લગતા અલગ આ કાર્યક્રમો કરવાના છે. ગુજરાતમાં દલિત અત્યાચારની ઘટનાઓ સતત વધતી જાય છે.તે મોટો ચિંતાનો વિષય છે.

ગુજરાતમાં સરેરાશ ૪ એટ્રોસિટીની ઘટનાઓ પોલીસને ચોપડે નોંધાઈ છે અને બે ઘટનાઓ શહેરી વિસ્તારમાં નોંધાય છે. એસ.સી. ડિપાર્ટમેન્ટની કારોબારીમાં સંવિધાન રક્ષક બનાવવા, બહુજન ગ્રામ પંચાયત, બહુજન મીડિયા, સોશિયલ મીડિયા, મહિલા અનામત, ગુજરાતમાં વધતી દલિત અત્યાચારની ઘટનાઓ સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે કારોબારીના પદાધિકારીઓ – હોદ્દેદારઓ, આગેવાનઓ અને કાર્યકર્તાઓને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દલિતો, શોષિતો, વંચિતોના હક્ક – અધિકાર માટે લડતો આવ્યો છે અને લડતો રહેશે. ગુજરાતીઓના સેવાના સાધનાના યજ્ઞમાં આપણે સૌ જોડાઈએ. આ બેઠકમાં પ્રદેશના પદાધિકારીઓ, હોદ્દેદારઓ અને દરેક જિલ્લાઓમાંથી તાલુકા કક્ષાથી આવેલા પદાધિકારીઓ – આગેવાનો અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજીવ ગાંધી ભવન ખાતે વિચરતી અને વિમુક્થ જાતિ સમાજના સામાજિક આગેવાન અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ મેકર દક્ષિણભાઈ છારા તેમની ટીમને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમારે તિરંગો ખેસ પહેરાવીને વિધિવત રીતે કોંગ્રસ પક્ષમાં જોડાયા હતા. ભારતમાં લગભગ ૧૨ થી ૧૫ કરોડ ડીએનટી સમાજનાં લોકો રહે છે. ગુજરાતમાં ૨૮ વિચરતી અને ૧૨ બિન – સૂચિત જાતિઓ છે જેઓ રાજકીયક્ષેત્રે સંપૂર્ણ રીતે ઓછા પ્રતિનિધિત્વ ધરાવે છે.

દક્ષિણ છારા નાટયકાર, ફિલ્મમેકર અને કર્મશીલ જે સતત ૨૫ વર્ષથી વંચિત સમાજો માટે કલાના માધ્યમથી લડી રહ્યા છીએ. તેઓ એ ઈંગ્લેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ લીડસમાં અભ્યાસ કરેલ છે અને આના માટે તેમને વિશ્વ વિખ્યાત ફોર્ડ ફાઉન્ડેશન ફેલોશિપ મળેલ હતી.દક્ષિણની આત્મકથા અને નાટકોની પુસ્તક બુઢાં બોલતા હૈ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દવારા મહાત્મા ગાંધી દ્વિવાર્ષિક રાષ્ટ્રીય પુરસ્કાર પણ એનાયત કરવામાં આવેલ. આ સિવાય દક્ષિણને ભાષા અને રાજીવ ગાંધી ફેલોશિપ વિચારતી અને વિમુક્ત જનજાતીઓની કલાઓના અભ્યાસ અર્થે મળેલ. તેઓએ પોતાની ફિલ્મો માટે,લેખન માટે અને નાટકો માટે સંખ્યાબદધ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય એવોર્ડ મળેલ એવા એક માત્ર વિમુક્ત જનજાતિના કલાકાર છે. જેમને સંયુક્ત રાષ્ટ્રએ વિચરતી અને વિમુક્ત જનજાતીઓ પર વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરેલ હતા. છેલ્લા ૨૫ વર્ષથી આખા દેશમાં વિચરતી અને વિમુક્ત જનજાતીઓને સંવિધાનમાં વિશેષ અધિકાર મળે તેના માટે સતત કાર્યરત રહ્યા છે અને નાટક અને ફિલ્મોના માધ્યમથી તેમને ઘણા વંચિત સમાજોના યુવક યુવતીઓને કલાની ટ્રેનિંગ આપી છે. તેમને કુલ ૧૨ નાટકોનું નિર્દેશન કરેલ છે, એમના નાટકો માં બુધન નામનું નાટક ખુબ જાણીતું છે અને આ નાટકના ભારતની અને વિદેશની ઘણી ભાષાઓ મેં ભાષાંતર કરીને છાપેલ છે. ત્યારે દક્ષીણ છારા જેવા યુવાન નેતૃત્વ પોતાની ટીમ સાથે કોંગ્રેસ પક્ષમાં જોડવાથી કોંગ્રેસ પક્ષનાં સેવાની સાધનાના યજ્ઞને વધુ બળ મળશે.

## બવાડા ખાતે મધ્યાહ્ન ભોજન સંચાલક કમ કુકની આવશ્યકતા

અમરેલી, તા. ૫

લીલીયા તાલુકાના બવાડા મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક કમ કુક (વ્યવસ્થાપક)ની આવશ્યકતા છે. આ જગ્યા માટે તા.૧૬ ઓકટોબર, ૨૦૨૩ સુધીમાં લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે કચેરી કામગીરી સમય દરમિયાન ફી ભરી અને અરજી બપોરે ૦૨ વાગ્યા સુધીમાં રજિસ્ટ્રી ટેબલ પર પહોંચાડવાની રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ આધાર પુરાવા સાથે જરૂરી વિગતો ભરીને અરજી પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે રજૂ કરવા. આ કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા માટેની અરજી ઉમેદવારોની લાયકાત, ઉંમર સરકારના ઠરાવેલ ધોરણો અનુસાર હશે તેમને રૂબરૂ બોલાવવામાં આવશે.આ જગ્યાઓ માટે સરકાર દ્વારા નિયત માનદ વેતન આપવામાં આવશે. અરજી કરવાનું નિયત નમૂના પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળશે. આ નિમણુક અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યક્તિને, વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિને, શાકભાજી, મરી મસાલા, જલાઉ લાકડાનો વ્યાપાર કરતા, અન્ય ધંધાથી વેપાર કરતી કે દુકાન ચલાવતી વ્યકિતઓને,ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય,પોલીસ ફરિયાદ થઈ હોય,કોર્ટ દ્વારા સજા થઈ હોય તેવા અરજદારો દ્વારા અરજી આપી શકાશે નહીં.આ ઉપરાંત અરજદાર સ્થાનિક સ્વરાજની સંસ્થા, વિધાનસભા, લોકસભા,અથવા કોઈ પણ સહકારી સંસ્થા, રજિસ્ટર્ડ સોસાયટી, રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચૂંટાયેલું પદ ધરાવતા હોય અને તેવું પદ છોડવા માંગતા ન હોય તો અરજી કરી શકશે નહીં, તેમ મામલતદાર લીલીયાએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## દામનગર ખાતેથી ૧ કિલો ગાંજા

વજન–૧ કિલો કિંમત રૂા. ૧૦૦૦૦ તથા એક ડીઝીટલ ઈલેકટ્રીક વજન કાંટો કિંમત રૂા. ૫૦૦ તથા એક કી–પેઈડ મોબાઈલ ફોન કિંમત રૂા.૧૫૦૦ મળી કુલ કિંમત રૂા. ૧૨૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે દામનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે અને પકડવા ઉપર બાકી રહેલ આરોપીને પકડી પાડવા ચક્રોગતીમાન કરવામાં આવેલ છે.

## મોટી કુંકાવાવ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ–ઉપપ્રમુખની વરણી

કુંકાવાવ, તા. ૫

મોટી કુંકાવાવ ચેમ્બર ઓફ કોમર્સના પુર્વ પ્રમુખ સ્વ. અરવિંદભાઈ કેશવલાલભાઈ (લુહાર સોની)નું અવશાન થવાથી ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અને વેપારી આગેવાન ભીમજીભાઈ જીવરાજભાઈ વેકરીયાને પ્રમુખપદે નિયુકત કરેલ છે. તેમજ ઉપપ્રમુખપદે યોગેશભાઈ ડોલરભાઈ દવે (એડવોકેટ એન્ડ નોટરી)ની સર્વાનુમતે બીન હરીફ નિયુકત કરવામાં આવેલ છે. તેમ ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી શશિકાંતભાઈ એમ. જોષીની યાદી જણાવે છે.

## અવસાન નોંધ

**દામનગર :** મોંઘીબેન મોહનભાઈ ગોહિલ ( ઉ.વ.–૮૦ ) તે કાંતિભાઈ, બાબુભાઈનાં માતુશ્રી નરેશભાઈ, લક્ષ્મણભાઈ, કૌશિકભાઈ અને કલ્પેશભાઈના મોટાબાનું તા. ૨/૧૦/૨૩ ને સોમવારના રોજ દામનગર મુકામે અવસાન થયેલ છે. સ્વ.નું પાણીઢોળ તા. ૧૨/૧૦ ને ગુરૂવારના રોજ તેમના નિવાસ સ્થાન વાલ્મિકી વાસ, દામનગર મુકામે રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ગુજરાતમાં બનાવટી સર્ટિફિકેટ

ગેરરીતીઓ પાછળ વેડફતી આ ભાજપ સરકાર છે. બેરોજગારો, યુવાધનને ૨૭ વર્ષથી અન્યાય કરતી આ ભ્રષ્ટ ભાજપ સરકાર છે.

વર્ષ ૨૦૦૮માં સ્પોર્ટ્સના માર્કસ મેરિટમાં ગણવાનો ઠરાવ આવ્યો હતો. ગુજરાત કબડ્ડી એસોસિયેશન નામની સંસ્થાએ આ સ્થિતિનો ફાયદો ઉઠાવી ઉમેદવારોને સર્ટીફીકેટ આપ્યા હતા. આ ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૮૪ શિક્ષકોની જાણ થતાં તેમની ચકાસણી કરવામાં આવી અને સર્ટિફિકેટ બોગસ નીકળ્યા, જેથી જામનગર શિક્ષણ પ્રશાસને તેઓને છૂટા કર્યા. તે જ પ્રમાણે વડોદરામાં ૩૩ જેટલા શિક્ષકોને છૂટા કર્યા. પરંતુ, આ જ સંસ્થા, ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૩૨ સરકારી શિક્ષકો હાલમાં ખેડા જિલ્લામાં નોકરી કરી પગાર લઈ રહ્યાં છે.

વર્ષ ૨૦૦૮માં આ જ રીતે ૨૫૭ જાહેર કરેલ જગ્યા પરવધારાના ૬૪ ઉમેદવારો લેવામાં આવ્યા હતા. જાહેર કરેલ પરિપત્રમાં ઉલ્લેખ હતો કે, જાહેરાતમાં દર્શાવેલ જગ્યા કરતાં એક પણ જગ્યા ભરવી નહિ જો ભરશે તો તે જવાબદારી પ્રાથમિક શિક્ષણ અધિકારીની રહેશે.

ભૂતકાળમાં ઈડર અને ખેડબ્રહ્મામાં આ જ પ્રમાણે ભરતી કૌભાંડ ઉજાગર થતાં તે વખતના ડીઈઓ, કલાર્ક, ૨૦ જેટલા શિક્ષકો, શાળા સંચાલકો પર એફઆઈઆર કરવામાં આવી હતી અને તેમની પાસે પગારથી ત્રણ ગણી વસુલાત કરવામાં આવી હતી. તે જ રીતે ભૂતકાળમાં ખોટા વિકલાંગતાના સર્ટિફિકેટ રજૂ કરાયેલ ૨૧ ઉમેદવારોને ભરતીમાંથી રૂખસત કર્યા હતા અને એફઆઈઆર પણ કરવામાં આવી હતી. અહીં અગત્યની વાત એ છે કે, જે લોકો પસંદગી સમિતિમાં હતા તેમના જ બાળ કોને ખોટા સર્ટિફિકેટ રજૂ કરી નોકરીમાં લાવવાનો કારસો ઘડવામાં આવ્યો છે અને આજે પણ તેઓ ફરજ પર છે, પગાર મેળવી રહ્યાં છે.

જયારે પશ્ચિમ બંગાળ અને હરિયાણામાં આ પ્રકારના શિક્ષક ભરતી કૌભાંડ થયા હતા ત્યારે સી.બી.આઈ. દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દોષિતો અત્યારે પણ જેલમાં છે. ૨૦૦૮ના વડોદરાના તપાસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ કૌભાંડ મોટું હોવાથી તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવી જોઈએ. પરંતુ, આજ સુધી તે શકય બન્યું નથી. આ સિવાય અમરેલી, રાજકોટ, ભાવનગરમાં જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારના કૌભાંડની શકયતા છે.

વર્ષ–૨૦૦૮ શિક્ષક ભરતી જાહેરાત–૨૫૭ મહેકમથી વધુ ભરેલ ઉમેદવારોની સંખ્યા–૬૪ કુલ ભરતી– ૩૨૧.


વર્ષ–૨૦૧૦ શિક્ષક ભરતી જાહેરાત–૧૪૧ મહેકમથી વધુ ભરેલ ઉમેદવારોની સંખ્યા–૨૩ કુલ ભરતી– ૧૬૪

આમ, માત્ર એક જ જિલ્લામાં (ખેડા) જાહેરાત થયેલ ભરતી અને મહેકમ કરતાં ૮૭ શિક્ષકોની ભરતી વધારાની, ભ્રષ્ટાચાર દ્વારા કરીને ખરેખરમાં સાચા મહેનત કરીને મેરિટમાં આવેલ યુવાનોને અન્યાય થયેલ છે તથા સરકારી ખજાનાને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માંગ કરે છે કે, આ કૌભાંડની સી.બી.આઈ. દ્વારા સઘન તપાસ થવી જોઈએ, સમગ્ર ગુજરાતની ૨૦૧૦થી થયેલ શૈક્ષણિક ભરતીઓની તપાસ કરી તેઓએ રજૂ કરેલ સર્ટીફિકેટની ચકાસણી કરાવીને દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ અને જે લોકો બોગસ–નકલી સર્ટિફિકેટ સાથે નોકરીમાં જોડાયા છે તેમને સત્વરે ઘરે બેસાડવા જોઈએ. સાથે જ, જે સંસ્થાઓ–વ્યકિતઓએ આ બનાવટી કાંડમાં મદદ કરી છે તેઓને પણ કડક સજા કરવી જોઈએ અને બેરોજગારોને ન્યાય આપી જલ્દીથી ખાલી થયેલા મહેકમ ભરવા જોઈએ.

હેપ્પી બર્થ–ડે...

અભિયાન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સદસ્ય અરવિંદ કાતરીયા તથા સોનલબેન કાતરીયાની વ્હાલી વંશીકા નો આજે જન્મદિવસ છે. દાદા–રામજીભાઈ હાજાભાઈ કાતરીયા, દાદી : શાંતાબેન રામજીભાઈ કાતરીયા તથા આયુષ, નિર્ભય, કિષ્ના, વેદાંત તેમજ સમગ્ર કાતરીયા પરિવાર તરફથી લાડકડી વંશીકા ને તેના જન્મદિને ખુબ ખુબ શુભેચ્છાઓ...



વંશીકા કાતરીયા

■ કાર ■ બાઈક ■ ટ્રેક્ટર ■ ટ્રક ■ બસ

ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ધરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ



સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી.નં. ૧૦૨/૨૦૨૩

અરજદાર : શ્રી ધીરૂભાઈ માધાભાઈ દેસાઈ
રે. જસવંતગઢ, તા.જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– વ –
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. જસવંતગઢ, તા.જિ. અમરેલી.

:: જાહેર નોટિસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારશ્રીએ તેમની પુત્રી બીનલ ધીરૂભાઈ દેસાઈ નો જન્મ તા. ૨૬/૦૯/૧૯૯૧ ના રોજ અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૧ | ૧૪૯૧ |
| ૨ | ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | અડદ | ૮૫૧ | ૮૫૧ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | સોયાબીન | ૮૭૫ | ૮૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૩૨૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૧ | ૧૪૨૮ |
| ૩ | શિંગદાણા | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૧૦ | ૩૨૬૯ |
| ૫ | તલ કાળા | ૨૭૮૦ | ૩૨૮૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૫૪૫ | ૩૫૪૫ |
| ૭ | બાજરો | ૩૩૦ | ૪૦૦ |
| ૮ | જુવાર | ૫૦૫ | ૭૫૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૯૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૫૧ |
| ૧૧ | મગ | ૧૧૫૬ | ૨૦૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૭૯૫ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૨૨૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૯૬ | ૧૦૯૬ |
| ૧૫ | તુવેર | ૧૩૨૦ | ૨૦૫૦ |
| ૧૬ | કપાસ | ૯૪૮ | ૧૫૭૩ |
| ૧૭ | એરંડા | ૭૦૫ | ૧૧૬૯ |
| ૧૮ | ધાણા | ૭૨૫ | ૧૨૫૦ |
| ૧૯ | સોયાબીન | ૭૫૬ | ૮૭૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૫ | ૩૦૯૫ |
| ૩ | મગ | ૧૬૯૦ | ૨૧૧૦ |
| ૪ | અડદ | ૧૫૨૫ | ૧૭૭૫ |
| ૫ | ઘઉં | ૪૪૧ | ૪૯૯ |
| ૬ | ચણા | ૯૫૪ | ૧૧૩૬ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૫૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૯૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૭૦ | ૬૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૪ |
| ૭ | બાજરો | ૩૨૫ | ૩૯૧ |
| ૮ | જુવાર | ૬૨૫ | ૧૦૫૦ |
| ૯ | મકાઈ | – | ૬૩૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૭૦૧ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૮૦ |
| ૧૨ | તુવેર | ૧૩૫૦ | – |
| ૧૩ | રાજગરો | ૨૧૦૧ | – |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૫૮૦ |
| ૨ | મગફળી | ૮૪૧ | ૧૩૩૩ |
| ૩ | ઘઉં | ૫૩૧ | ૫૫૦ |
| ૪ | સોયાબીન | ૮૨૨ | ૮૨૨ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૩૭૦ |
| ૬ | મેથી | ૯૪૦ | ૯૪૦ |
| ૭ | ધાણા | ૯૦૦ | ૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૪ |
| ૩ | અડદ | ૧૬૮૫ | ૧૭૦૦ |
| ૪ | બાજરો | ૩૭૦ | ૩૭૯ |
| ૫ | સોયાબીન | ૭૯૨ | ૮૧૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૬ |
| ૭ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૩૦ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૧૦૩ |
| ૯ | ધાણા | ૮૦૦ | ૯૦૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ૧૧ | લસણ | ૧૦૧૦ | ૧૨૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૫૧ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૩ | બાજરો | ૩૫૦ | ૪૩૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૬૦૧ |
| ૫ | જુવાર | ૫૫૨ | ૧૧૩૧ |
| ૬ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | અડદ | ૧૩૮૦ | ૧૮૦૧ |
| ૮ | ચણા | ૯૨૫ | ૧૧૫૧ |
| ૯ | એરંડી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૧ | ૮૧૨ |

## રાજ્ય સરકાર પોતાની બંધારણીય જવાબદારી નિભાવી રહી નથી

# દલિતો ઉપર અત્યાચારનો સિલસિલો અટકવાનું નામ કેમ લેતો નથી ?

## કૂતરૂં મરી જાય, તો પણ ટ્વિટ કરતા નેતાઓ, દલિતોની હત્યામાં એક શબ્દ બોલતા નથી

કાંતિલાલ યુ. પરમાર
સામાજિક કાર્યકર્તા
અમદાવાદ, ગુજરાત
મો. ૯૭૨૭૭૪૫૩૮૬
: E-mail :
parmar.kantilal@gmail.com

અનુસુચિત જાતિ અને જન જાતિના લોકો પર જાતિગત આધાર પર થતા અત્યાચારો અટકે અને તેઓના જાન – માલની સુરક્ષા થાય તેમજ ભોગ બનેલ લોકોનું પુનઃવસન કરવામાં આવે તે માટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ એટ્રોસિટી તરીકે ઓળખાતો કાયદો ૧૯૮૯માં ભારતની સંસદમાં પસાર થયો.

તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૯૦ના દિવસે આ એટ્રોસિટી એકટ તરીકે ઓળખાતો કાયદો સમગ્ર ભારતમાં લાગુ થયો અને તેના નિયમો ૩૧ માર્ચ ૧૯૯૫ના રોજ કેન્દ્ર સરકારના નોટીફીકેશનથી અમલમાં આવ્યા.

એટ્રોસિટી એકટ એ કેન્દ્રીય કાયદો છે જેમાં કોઈપણ જાતનો સુધારો રાજય સરકાર કોઈપણ સંજોગોમાં ન કરી શકે. આ કાયદાના નિયમ સાત મુજબ ડી.વાય.એસ.પી. કક્ષા કરતા નીચેના અધિકારી આ ગુનાની તપાસ ન કરી શકે. છતાય સમજયા વગર કે ઈરાદાપૂર્વક ગુજરાત સરકાર આ કાયદાના નિયમોનો ભંગ કરી તેમાં વર્ષ ૧૯૯૬માં ડી.વાય.એસ.પી. કક્ષા કરતા નીચેના અધિકારી આવા એટ્રોસિટી એકટ હેઠળ નોંધાયેલા કેસોમાં તપાસ કરવી તેવો એક પરિપત્ર કરેલ જેના લીધે એટ્રોસિટી એકટ હેઠળ નોંધાયેલા વર્ષ ૧૯૯૬ થી ૨૦૦૬ સુધીમાં ૭૪૬૮ કેસોમાં ડી.વાય.એસ.પી. કક્ષા કરતા નીચેના અધિકારીઓએ તપાસ કરી અને બધા જ કેસોમાં કોર્ટમાં કાયદા મુજબ તપાસ થયેલ ન હોવાથી આરોપીઓ નિર્દોષ છુટી ગયેલા. આખરે જુન ૨૦૦૬માં હાઈકોર્ટમાં રીટ થતા સરકારે માફી માંગી અને આ પરિપત્ર પરત લીધો, પણ જેને નુકશાન ગયું તેનું શું ? સરકારની એક ભૂલના લહીને ન્યાય ન મળ્યો તેનું શું ?

ભારત સરકારે સંસદમાં આ કાયદામાં વર્ષ ૨૦૧૫માં સુધારો કર્યો અને તેના ૨૦૧૬માં નિયમોમાં પણ સુધારો કર્યો જેથી અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) સુધારા અધિનિયમ ૨૦૧૫ પણ કહેવાય છે.

અનુસુચિત જાતિના લોકોની સુરક્ષા કરતા કાયદાઓ ઘણા છે, બંધારણીય રીતે ખાસ વર્ગનો દરજ્જો આપી બંધારણના ઘડવૈયાઓએ આ વર્ગની સુરક્ષા માટેની અનેક જોગવાઈઓ કરેલ છે, પણ તે મોટે ભાગે કાગળ પર સારી લાગે છે વાસ્તવિકતા કંઈક અલગ છે, ધરાતલ પર પરીસ્થિતિ જુદી છે.

દેશમાં સરસઅને શ્રેષ્ઠ બંધારણ છે અને સારા કાયદાઓ છે પણ તેના અમલીકરણ કરવા વાળા પોતાની રીતે કાયદાને તોડે મરોડે છે અને તેનું કડક અમલીકરણ ન થવાને કારણે, તેમજ સરકારની કાયદાઓની અમલવારી કરવામાં લાલિયાવાડીના કારણે અનુસુચિત જાતિનાં લોકોની છેલ્લા ૩૪ વર્ષમાં સરકારી આંકડાકીય માહિતી મુજબ પોલીસ ચોપડે ૭૫૫ બર્બર હત્યાઓ, ૨૪૧૦ ગંભીર ઈજા, ૧૫૭૭ બળાત્કારની ઘટનાઓ નોંધાયેલ છે. ૩૮૭ આગની ઘટનાઓમાં બગાડ, અન્ય આઈપીસી હેઠળ ૩૮૧૯૫, નાગરિક હક્ક સંરક્ષણ ૧૯૫૫ ના કાયદા હેઠળ ૩૧૪ તેમ કુલ ચોત્રીસ વર્ષમાં ૪૩૬૩૮ અત્યાચારની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાયેલ છે.

એટ્રોસિટી એકટ અમલમાં આવ્યો ત્યાર બાદના છેલ્લા ૩૪ વર્ષના આંકડા મુજબ ગુજરાત રાજયમાં સરકારી આકડા મુજબ અનુસુચિત જાતિના લોકોના વર્ષના સરેરાશ ૨૨ ખૂન કરવામાં આવે છે. અનુસુચિત જાતિના લોકો પર હુમલાઓ કરી વાર્ષિક સરેરાશ ૬૩ ગંભીર ઈજાઓ કરવામાં આવે છે. અનુસુચિત જાતિની મહિલાઓ પર સરેરાશ વાર્ષિક ૪૬ દુષ્કર્મના બનાવો બને છે જેમાં સામુહિક દુષ્કર્મની ઘટનાઓ પણ સામેલ છે. સરેરાશ વાર્ષિક ૧૧ લોકોના ઘરો બાળ વા, વાર્ષિક સરેરાશ આઈ.પી.સી. એટલે કે ભારતીય ફોજદારી

ધારો–૧૮૬૦ હેઠળ ૧૧૨૩ લોકો સાથે અત્યાચારના ગુના બને છે, વાર્ષિક સરેરાશ ૦૯ લોકો સાથે આભડછેટ પાળવામાં આવે છે, એમ કુલ ૩૪ વર્ષના સરકારી આકડા મુજબ વર્ષે સરેરાશ ૧૨૮૩ લોકો પર અત્યાચારની ઘટનાઓ બને છે, જેમાં દરરોજ ચાર લોકો અત્યાચારનો ભોગ બને છે.

આ ફકત પોલીસ દફતરે નોંધવામાં આવેલ અત્યાચારના આકડાઓ છે જેમાં સમાધાન કરેલ હોય, આ તો ફકત બરફની ટોચ પર દેખાતું નાનકડું હિમ શીલાનો બરફનો ટુકડો છે જયાં પોલીસે ફરિયાદ ન લીધી હોય, ફકત અરજી લીધી હોય, સમજાવી કાઢી મુકૃયા હોય, પોલીસ સ્ટેશનમાં જ સમાધાન કરાવી લીધુ હોય, બીકના લીધે ફરિયાદ કરવાજ ન ગયા હોય, ઈજ્જત જવાના ડરથી ફરિયાદ ન કરી હોય તેવા બનાવોની ગણતરી થાય નથી જેથી સાચો આંકડો આના કરતાય ઘણો મોટો હોઈ શકે છે. અત્યાચારો પર કાબુ મેળવવા માટે રાજય સરકારે સંવેદનશીલ વિસ્તારો ફકત કાગળ પર જાહેર કરેલ છે ત્યાર બાદ કોઈપ જાતના અગમચેતીના (પ્રિવેન્ટીવ એકશન) પગલા ભરવામાં આવેલ નથી

રાજય સરકાર દ્વારા અનુસુચિત જાતિના લોકો જે ગંભીર અત્યાચારનો ભોગ બનેલ હોય તેઓનું કાયદાના નિયમો ૧૯૫૫ના પેટા નિયમ ૧૫ હેઠળ પુનઃવસન કરેલ નથી જેમાં પેન્શન, ખેતીની જમીન, બાળ કોના અભ્યાસ માટેની વ્યવસ્થા, ખાસ કિસ્સામાં સરકારી નોકરી આપવી વી.નો સમાવેશ થાય છે. રાજય સરકારની લાપરવાહીના કારણે અનેક પરિવારો રઝળી પડયા છે.

સરકારે તાત્કાલિક અનુસુચિત જાતિના લોકો માટે અલગ પોલીસ સ્ટેશન ખોલવા જોઈએ અને ત્યાં ફરિયાદ કરી શકાય. આ પોલીસ સ્ટેશનમાં તાલીમ પામેલ અનુસુચિત જાતિના લોકોનો સ્ટાફ મુકવો જોઈએ.

એટ્રોસિટી એકટના અમલીકરણ સાથે જોડાયેલા તમામ ઉપરથી લઈ નીચે સુધીના પોલીસ અને વહીવટીતંત્રના કર્મચારીઓને આ કાયદાની તાલીમ આપવી જોઈએ.

જીલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષક દ્વારા ગંભીર બનાવોમાં સ્થળ વિઝીટ કરવામાં આવતી નથી જે ખુબ જ ગંભીર બાબત છે. સ્થળ વિઝીટ કરવી હોઈએ અને તપાસ અધિકારી અને પીડિત લોકો સાથે અત્યાચારની ઘટના અંગે વાત કરી જાન–માલના નુકશાન અને પીડિત આશ્રિત લોકોની યાદી બનાવી કાયદાકીય જોગવાઈ મુજબ સરકારમાં મોકલાવી જોઈએ. જે થતું નથી અને અધિકારીઓ ઘટના બને છે ત્યારે દોડે છે અને એક બે દિવસ કામગીરી કર્યાનો દેખાડો કરે છે. જયાં પણ ગંભીર અત્યાચારો થાય છે તેવા જીલ્લામાં તમામ અનુસુચિત જાતિ સિવાયના લોકોના હથિયારના લાયસન્સ રદ્ કરી હથિયારો જમા લેવા જોઈએ અને કાયદાની જોગવાઈ મુજબ અનુસુચિત જાતિના લોકોને હથિયારોના પરવાના આપવા જોઈએ. આ કાયદાના અમલીકરણની સમીક્ષા કરવા માટે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ૨૦ સભ્યોની હાઈ–લેવલની રાજય તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની અને નિયમિત દર છ માસે મળ વાની જોગવાઈનો મુખ્યમંત્રી જ અમલ કરતા નથી જેથી નીચલા અધિકારીઓનું મોરલ ડાઉન થાય છે અને કોઈપણ જાતના દિશા–નિર્દેશ ન મળવાથી તેઓ પણ લાપરવાહ બની જાય છે જેથી મુખ્યમંત્રીએ પોતાની બંધારણીય જવાબદારી નિભાવી દર છ માસે કમિટીની મીટીંગ બોલાવવી જોઈએ.

ડિસેમ્બર ૨૦૨૨માં ચૂંટણી બાદ નવી સરકાર આવી પણ હજુ સુધી રાજય તકેદારી અને મોનીટરીંગ સમિતિ રચના થયેલ નથી જે મુખ્યમંત્રીની અનુસુચિત જાતિ અને જન જાતિના લોકો પ્રત્યેની અસંવેદનશીલતા દર્શાવે છે.

આવા અત્યાચાર ધારા હેઠળ નોંધાયેલ ગુનાઓની વૈજ્ઞાનિક ઢબે યોગ્ય રીતે તપાસ થાય તે માટે તપાસ અધિકારીઓને ખાસ તાલીમ આપવી જોઈએ

રાજય સરકારે અત્યાચાર ધારા નીચે નોંધવામાં આવતા ગુનાઓમાં આરોપીઓને સજા અને સજાનો દર વધે તે માટે કાર્યવાહી કરવી જોઈએ.

કોર્ટમાં અત્યાચાર ધારા નીચે નોંધાયેલ કેસોમાં ખાસ સરકારી વકીલની નિમણુંક કરવી જોઈએ અને તેઓ સંવેદનશીલ બને અને યોગ્ય રીતે કેસને રજુ કરે તે માટે કાર્યવાહી કરવા તાલીમ આપવી જોઈએ.રાજય તકેદારી સમિતિની જેમજ દરેક જીલ્લામાં જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને મોટા શહેરોમાં પોલીસ કમિશ્નરના અધ્યક્ષ સ્થાને જીલ્લા તકેદારી મોનીટરીંગ સમિતિ અને શહેરી તકેદારી મોનીટરીંગ સમિતિને પણ યોગ્ય રીતે સમીક્ષા થાય તે માટે કાર્યવંત કરવી જરૂરી છે.

દરેક જીલ્લામાં જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને દર છ મહીને એટ્રોસિટી એકટ હેઠળ નોંધાયેલા કેસોમાં સરકારી વકીલ દ્વારા કોર્ટમાં કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવાની જોગવાઈનો અમલ થતો જોવા મળતો નથી જેનો અમલ કરવો જોઈએ.

અનુસુચિત જાતિના લોકો સાથે ગંભીર અત્યાચારની ઘટના બને તો રાજયના મુખ્યમંત્રી, સમાજ કલ્યાણ મંત્રી, ગૃહ મંત્રી, ડીજીપી, એડી. ડીજીપી–એસ.સી. / એસ.ટી. સેલ, સેક્રેટરી, નિયામક, સમાજ કલ્યાણ, જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસ અધ્યક્ષનાઓમાંથી સરકારી અધિકારીઓ અને રાજય સરકારના લોક પ્રતિનિધીઓએ સ્થળ મુલાકાત કરી જવાબદાર લોકોને દિશા–નિર્દેશ આપી શકાય અને પીડિત પરિવારને ન્યાય માટેની ખાતરી આપી શકાય.

બંધારણના આમુખમાં આપવામાં આવેલ સામાજિક, આર્થીક અને રાજકીય ન્યાયની ખાતરીનો હેતુ હકીકતમાં સિદ્ધ કરવો હોય તો કોઈપણ જાતના ભેદભાવ અને પૂર્વગ્રહ વગર કાયદાનું શાસન સ્થાપવા માટે કાર્યવાહી કરવી પડશે અને રાજયના અનુસુચિત જાતિના લોકોને સુરક્ષાનો અહેસાસ કરાવવો પડશે. તોજ સાચા અર્થમાં લોકશાહી કહેવાશે.

# સાવરકુંડલા : વિજ્ઞાન મેળામાં મોદી હાઇસ્કૂલનો દબદબો



સાવરકુંડલા, તા. ૫

ખાંભા મુકામે એસ.વી.એસ. કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જે અંતર્ગત ખાંભા અને સાવરકુંડલા તાલુકામાંથી કુલ ૪૦ જેટલી કૃતિઓએ ભાગ લીધો હતો. આ કૃતિઓમાંથી સાવરકુંડલાની ઐતિહાસિક શાળા જે.વી. મોદી હાઈસ્કૂલની કૃતિ રનીંગ ટ્રેન ટુ સાઉન્ડ બઝર કૃતિને પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો હતો.

આ કૃતિ ધોરણ ૧૦ના વિદ્યાર્થી જાદવ રાજ અને ચિરાગ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. હાલના સમયમાં રેલ્વે ટ્રેક ઉપર ઘણા વન્ય પ્રાણીઓ તેમજ મનુષ્ય અકસ્માતનો ભોગ બને છે.

આ દ્રશ્ય જોઈ જાદવ રાજ અને ચિરાગને વિચાર આવ્યો કે જો આપણે કોઈ એવું સંશોધન કરીએ કે રેલ્વે ટ્રેક પર ટ્રેન આવેતો તેના એક કિલોમીટર દૂર સાઉન્ડ આવે જેથી કરીને કોઈ ટ્રેક ઉપર હોય તો તે પ્રાણી કે મનુષ્ય ત્યાંથી દૂર ખસી જાય અને કોઈ ગંભીર ઘટના બનતી અટકી શકે.

આવા માનવીય હેતુથી તેમણે આ કૃતિ તૈયાર કરી જેમની નોંધ ખાંભા તાલુકાના રાજકીય મહાનુભાવો, સામાજિક કાર્યકરો, વરિષ્ઠ પત્રકારોએ અને ત્યાં આવેલ મહેમાનોએ પણ વખાણ કર્યા હતા. આ કૃતિ તૈયાર કરવા માટે શાળાના યુવાન અને એકટીવ શિક્ષકો હરેશભાઈ ગુજરાતી અને નીતિનભાઈ સાવજે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

આ કૃતિને પ્રથમ નંબર મેળવ્યા બદલ શાળાના ટ્રસ્ટીઓ તેમજ શાળાના આચાર્ય આશિષભાઈ જોશીએ હૃદયપૂર્વક અભિનંદન પાઠવેલા હતા.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૭ ઓકટોમ્બર ના રોજ ભરતી મેળો

અમરેલી તા. ૫

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા રોજગાર કચેરી અને આઈ.ટી.આઈ – ધારી દ્વારા સંયુક્ત ઉપક્રમે ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો ખાતે ખાલી જગ્યાઓને અનુરૂપ ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા,ધોરણ–૧૦ થી સ્નાતક તેમજ આઈ.ટી.આઈની તકનીકી લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુક માટે આઈ.ટી.આઈ ધારી, સરસીયા રોડ ખાતે તા.૦૭/૧૦/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan. gujarat. gov. in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, સી – બ્લોક, પહેલો માળ, અમરેલીનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે. અમરેલી તા.સાવરકુંડલા તાલુકાના જુના સાવર ગામે રહેતા નિર્મળસંગ કાળુભાઈ કાસેલા નામના ૬૬ વર્ષિય વૃધ્ધ ખેડુતના ઘરે તેમના મામી રહેતા હોય તે તે જ ગામે રહેતા આરોપી અભેસંગભાઈ જેસીંગભાઈ ચૌહાણના માતા થતા હોય અને જેઓ છેલ્લા ત્રણેક દિવસથી નિર્મળ સંગ કાળુભાઈ કાસેલાના ઘરે રહેતા હોય જે આરોપીને સારૂ નહી લાગતા જે બાબતનુ મનદુઃખ રાખી કુહાડા વડે ડાબા હાથ ઉપર એક ઘા મારી ઈજા કરી તથા ડાબા પડખા ઉપર એક ઘા મારતા ઈજા થતા ચાર ટાંકા આવેલ તથા વૃધ્ધ ખેડુતના મકાનના ડેલા ઉપર કુહાડા વડે એક ઘા મારી નુકશાન કરી તથા જેમ ફાવે તેમ અપશબ્દોમા ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

# ૬ ઓકટોબર : વિશ્વ સ્મિત દિવસ

## દિલ કી ગહેરાઈ મેં ગમ કયા છુપાના, ચાર દિન કી જિંદગી હૈ સદા મુસ્કુરાના

દર વર્ષે ઓકટોબર મહિનાના પહેલા શુક્રવારે ''વિશ્વ સ્મિત દિવસ'' ઉજવવામાં આવે છે. હસવું ફકત એક ભાવ જ નથી, પરંતુ અનેક સમસ્યાનું સમાધાન પણ છે. હસવાથી વ્યકિ લાંબા સમય સુધી સ્વસ્થ અને યુવાન રહી શકે છે. જયારે કોઈ પણ વ્યકિ હસે છે ત્યારે તેના ચહેરા પરનો ખીલખીલાટ જ એનાં સુઘડ સ્વાસ્થ્યની ચાડી ખાઈ જતું હોય છે. લોકોના ચહેરા પર હાસ્ય લાવવા માટે અનેક પ્રકારના કોમેડી શો અને ફિલ્મો બનાવવામાં આવે છે. તે મનોરંજનની સાથે વ્યક્તિને તણાવથી પણ દૂર રાખે છે. ફિલ્મો ઉપરાંત હાસ્ય પર અનેક ગીતો પણ બની ચુકૃયા છે. મહાન અભિનેતા રાજ કપૂરે પણ પોતાની ફિલ્મ 'અનારી'માં 'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર ગીત ગાઈને લોકોને હસવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જીવનની સ્થિતિ ગમે તે હોય, પરંતુ જિંદગીમાં હાસ્યનું એક અલગ જ મહવ હોય છે.

હસવાથી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકાય છે. જે પરિવારમાં ખુશી અને હાસ્યનો



માહોલ હોય ત્યાં બધું સારૂં જ થતું હોય છે. ઘરમાં દરેક વ્યકિ હસતું હોય તો વાતાવરણ પોઝીટીવ રહે છે અને ઘરમાં કલેશ થવાની સંભાવના ઓછી રહે છે.હસવાથી મગજમાં ડોપામાઈન નામનું હોર્મોન રીલીઝ થાય છે. જેનાથી માણસને માનસિક શાંતિ મળે છે અને હાર્ટ અટેક, ડાયાબિટિસ, ઈન્ફેક્શન સહિત અનેક બીમારીઓ થવાનો ખતરો ઘટી જાય છે. સ્માઈલ એ દરેક બીમારીની દવા છે જેનાથી આખા શરીરની માંસપેશીઓ પ્રભાવિત થાય છે, જેનાથી લોકોની અંદર પોઝિટિવ થિન્કિંગ આવે છે આ માટે સદાય હસતું રહેવું જોઈએ. **– મિત્તલ ખેતાણી**
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## પિતૃને કોરાણે મુકી વૃદ્ધાશ્રમમાં ભોજન

# જાથાના સદસ્ય પિતૃ કાર્યને બદલે વૃદ્ધાશ્રમમાં ભોજન કરાવશે

## સદ્ભાવનામાં ૧૬૦ બુજર્ગોને ભોજન કરાવશે

અમદાવાદ, તા. ૫

વર્તમાન સમયમાં ભારતમાં ધાર્મિક દ્રષ્ટિએ શ્રાધ્ધ પક્ષના દિવસો છે. દિવંગતના માનમાં પ્રદેશ પ્રમાણે રીત–રિવાજો જોવા મળે છે. લોકો પોતાની શ્રધ્ધા પ્રમાણે અનુસરતા હોય છે. ભારત જન વિજ્ઞાન જાથાની વિચારધારાને માનનારો સમુહ મોટા પ્રમાણ છે તેથી રવિવારે પિતૃને કોરાણે મુકી સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં ૧૬૦ બુર્જગોનો સામુહિક ભોજન સમારોહ રાખવામાં આવ્યો છે.

જાથાના સદસ્ય વિરડા વાજડીના દિનેશ હુંબલના પિતા રાવતભાઈનું વર્ષ ૨૦૨૧ માં અવસાન થયું હતું. ધાર્મિક માન્યતા પ્રમાણે ત્રણ વર્ષે શ્રાધ્ધમાં ભળે છે. પરિવાર અને કુટુંબીજનો પિતૃ કાર્યના વિધિ–વિધાનનો મત સાથે આગ્રહ કર્યો હતો પરંતુ જાથાની વિચારધારાને માનનારા જન્મે છે. તેનું મૃત્યુ શાશ્વત છે, મૃત્યુ પછીની તમામ વિધિઓ, કાર્યો, શ્રાધ્ધ કે પિતૃ કાર્યમાં વિશ્વાસ કે



શ્રધ્ધા ધરાવતા નથી. તેથી જામનગર રોડ ઉપર આવેલ સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં રવિવાર તા. ૮ મી ઓકટોબરે ૧૬૦ બુજર્ગો માટેનો ભોજન સમારંભ રાખેલ છે. માનવીય અભિગમ જ કલ્યાણકારી છે. આ પ્રસંગે પરિવારના માતા રત્નાબેન, ગીતાબેન, મિલન, માધવ અને જાથાના સદસ્યોની હાજરીમાં દિવંગતને યાદ કરી તેના કાર્યોને જીવનમંત્ર કાયમી બનાવવાનો નિર્ધાર અમલમાં છે.

અંતમાં દિનેશભાઈએ ખોટા રીત રિવાજો, કુરિવાજો, કર્મકાંડ–ક્રિયાકાંડોને ફગાવવાની પ્રતિજ્ઞા સાથે માનવતાના કાર્યોની જ્યોત કાયમ પ્રજવલ્લિત રાખવાનો નિર્ધાર કરી કુદરત–પ્રકૃતિના નિયમોનું પાલન સાથે માનવ–રાષ્ટ્ર ધર્મને અનુસરવાની પહેલ કરી પ્રચાર–પ્રસારમાં જોડાવવાનો નિર્ધાર કરેલ છે. સૌ કોઈને પોતાની રીતે માનવા–ન માનવાનો અધિકાર છે તેવું અંગત માને છે. મૃત્યુ પછીના તમામ ક્રિયાકાંડો, સ્વર્ગ, નર્ક વિગેરે અવૈજ્ઞાનિક અપ્રસ્તુત છે.

## ખાલિસ્તાનીની હત્યા મુદ્દે ભારત-કેનેડા વચ્ચે તણાવ યથાવત

# કેનેડાને લીધે ભારતના યુએસ સાથે સબંધ બગડી શકે : ગાર્સેટી

## અમેરિકાના ભારત સ્થિત રાજદૂત ગાર્સેટીની ચેતવણી

નવી દિલ્હી, તા.૫

ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સબંધોમાં ટકરાવ જોવા મળી રહ્યો છે ત્યારે અમેરિકાના ભારત સ્થિત રાજદૂત એરિક ગાર્સેટીએ એવી ચેતવણી આપી છે કે, કેનેડાના કારણે ભારત અને અમેરિકાના સબંધો ખરાબ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, કેનેડાનો આરોપ છે કે, ભારત દ્વારા નિજ્જરની હત્યા કરાવવામાં આવી રહી છે અને આ મુદ્દે બાઈડન સરકાર ભારત પર પણ દબાણ કરી રહી છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ગાર્સેટીએ પોતાના દેશની સરકારને ચેતવણી આપી છે કે, કેનેડા સાથે ભારતના રાજકીય વિવાદના કારણે ભારત અને અમેરિકાના સબંધોમાં થોડા સમય માટે ખટાશ આવી શકે છે. અમેરિકાએ ભારતીય અધિકારીઓ સાથેના પોતાના સંપર્કોને અનિશ્ચિત સમય માટે ઓછા કરવા પડશે. રિપોર્ટમાં કહેવાયુ છે કે, આ ચેતવણી બાદ અમેરિકા સાવધ થઈ ગયુ છે. બીજી તરફ વિદેશ મંત્રાલયે ગાર્સેટીના નિવેદન પર મૌન ધારણ કરી લીધુ છે. આ મીડિયા રિપોર્ટમાં બાઈડન સરકારના કેટલાક સભ્યોના હવાલાથી કહેવામાં આવ્યુ છે કે, ભારત અને અમેરિકાના સબંધોમાં આવનારા સમયમાં પરેશાની ઉભી થવાની પણ શક્યતા છે. આ પ્રકારના અહેવાલો વચ્ચે ભારતે કેનેડા સામે આક્રમક વલણ અપનાવવાનુ ચાલુ રાખ્યુ છે. ભારતે કેનેડાના ૪૧ ડિપ્લોમેટસને ૧૦ ઓક્ટોબર પહેલા દેશ છોડી દેવાનો આદેશ આપ્યા બાદ હવે કેનેડાના વડાપ્રધાન ટ્રૂડો નરમ પડતા હોવાનુ લાગી રહ્યુ છે.


# આકરાણી અંગેની જાહેરાત અને જાહેર નોટિસ

મોજે હરસુરપુર, તા. લાઠી, જી. અમરેલી CLEAN MAX ENVIRO ENERGY PVT LTD. કંપની દ્વારા ખાનગી જમીન ખરીદીને પવનચકકી સ્થાપીત વીજળી ઉત્પન્ન કરવાની કામગીરી કરે છે. તે અંતર્ગત મીલ્કત વેરો દાખલ કરવા આકારણી સમિતિ દ્વારા નીચે પત્રો વંચાણે લઈને મૂડીરૂપી કિંમત નકકી કરેલ છે.

૧. GEDA (GUJARAT ENERGY DEVLOPMENT AGENCY) ના પત્ર GEDE/WSH/YPL/03/2022-23/7357

૨. ઉદ્યોગભવન સેકટર નં. ૧૧ ગાંધીનગરના INVESTMENT OPPRTUNITIES IN GUJARAT રીપોર્ટના પાના નં. ૫ ECONOMICS OF TYPICAL WIND FARM તથા પાના નં. ૧૮ ની ગણતરી મુજબ 1MW માટે ૫.૭૫ કરોડ નકકી થયેલા હોય 3.3MW વોટ માટે ૧૮,૯૭,૫૦,૦૦૦ (અઢાર કરોડ સત્તાણુ લાખ પચાસ હજાર) ૧ પવનચકકીની મુડીરૂપી કિંમત નકકી કરેલી છે.

તે મુજબ ૮ લોકેશનની મૂડીરૂપી કિંમત ૧૫૧,૮૦,૦૦૦૦૦ (એકસો એકાવન કરોડ એંસી લાખ)ની આકરાણી ગ્રામ પંચાયત દ્વારા નકકી કરવામાં આવેલી છે. ગુજરાત નગર અને પંચાયતોના કર અને ફી બાબતોના નિયમો ૧૯૬૪ ના નિયમોની કાર્યરીતીના નિયમ ૩ અનુસાર ગ્રામ પંચાયત દ્વારા મૂડીરૂપી કિંમત પર મહત્તમ ૧૫૦ પૈસા વેરા લેવાનું નકકી કરવામાં આવ્યું છે. ગુજરાત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૦૦ મુજબ ગ્રામ પંચાયતને તેના અધિકાર ક્ષેત્રમાં આવતી મિલ્કતો પર મિલ્કત વેરો લેવાનો અધિકાર છે. તે મુજબ કંપનીએ ૮ લોકેશન માટે દરેક નાણાકીય વર્ષ માટે ૨,૨૭,૭૦,૦૦૦ (બે કરોડ સતીયાવીસ લાખ સીતેર હજાર) નો મિલ્કત વેરો ભરવાપાત્ર થશે. જે રકમ ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં જમા લેવામાં આવશે. તથા મિલ્કત વેરો વર્ષ ૨૦૨૨/૨૩ થી ભરવા પાત્ર થશે.

અમારી કાર્યવાહીથી કંપની કે અન્ય કોઈને વાંધો, હરકત હોય તો ગુજરાત અધિનીયમની જોગવાઈ મુજબ તાલુકા વિકાસ અધિકારી (તાલુકા પંચાયત કચેરી) અથવા જિલ્લા વિકાસ અધિકારી (જિલ્લા પંચાયત)ને નોટિસ મળ્યાના (છપાયાના) ૩૦ દિવસમાં અપીલ કરવાનો અધિકાર રહેશે.

| સહિ | સહિ |
| --- | --- |
| સરપંચશ્રી | તલાટી કમ મંત્રીશ્રી |
| હરસુરપુર–પુંજાપર ગ્રામ પંચાયત | હરસુરપુર–પુંજાપર ગ્રામ પંચાયત |
| તા. લાઠી, જી. અમરેલી. | તા. લાઠી, જી. અમરેલી. |

## માર્ગ–મકાન વિભાગનાં બહેરા કાને વાહનચાલકોનો અવાજ પહોંચતો નથી

# અમરેલીનાં એરપોર્ટ માર્ગ ઉપરથી પસાર થવું એટલે તોબા...તોબા

### સોમનાથ મંદિરથી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ થઈને ઠેબી જળાશય સુધીનાં માર્ગમાં અનેક ગાબડાઓ

અમરેલી, તા. ૫

અમરેલી શહેરમાંથી પસાર થતાં માર્ગ–મકાન વિભાગ હસ્તકનાં સોમનાથ મંદિરથી ગર્લ્સ હાઈસ્કૂલ, સરદાર સર્કલ થઈને ઠેબી જળાશય સુધીનો માર્ગ ઘણા મહિનાઓથી બિસ્માર બન્યો છે. માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો થયો હોય ખાબડ–ખુબડનાં કારણે ટુ–વ્હીલર ચાલકોને સતત સાવચેત રહેવું પડે છે.

શહેરમાં સૌથી વધુ ટુ–વ્હીલર વાહનોની અવરજવર પણ આ માર્ગ ઉપર છે. સરકારી અતિથિ ગૃહ, ફરવાલાયક સ્થળો, એરપોર્ટ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ અને અનેક રહેણાંક મકાનો પણ આ માર્ગ પર આવેલ હોય છતાં પણ માર્ગની હાલત સુધારવામાં આવતી નથી.

### નવરાત્રિ, દિવાળીનાં તહેવારો નજીકમાં હોવા છતાં પણ માર્ગ–મકાન વિભાગને પડી નથી

આગામી દિવસોમાં નવરાત્રિ, દિવાળીનાં તહેવારો આવી રહ્યા હોય રાત્રિનાં સમયે પણ અવરજવર વધવાની છે. શિયાળાનું આગમન અને ચોમાસાની વિદાય થઈ ગઈ હોય પેવર વર્ક કરવામાં પણ હવે વાતાવરણ અનુકુળ હોવા છતાં પણ થોડા દિવસો પહેલા ગાબડામાં મોરમ પાથરવામાં આવી અને તેમાં ડાંડાઈ કરવામાં આવી હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

### ટેબલ નીચેથી નાણાનો વરસાદ વરસતો હોવાથી આમ આદમીની પીડા સમજાતી નથી

અમરેલી સ્ટેટ વિભાગનાં માર્ગ–મકાન વિભાગની કામગીરી હંમેશા વિવાદાસ્પદ બની રહી છે. અનેક અધિકારીઓ ટકાવારીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે તેઓનું વતન અન્યત્ર હોવાથી તેઓને તેમનાં ફરજનાં સ્થળે માર્ગ, મકાન કે પુલ નબળા બને તો કોઈ વાંધો નથી અને

### અધિકારીઓ અને પદાધિકારીઓ આલીશાન કારમાં પસાર થતાં હોય માર્ગનાં ગાબડાનો અહેસાસ થતો નથી

તેઓ આલીશાન કારમાં અવરજવર કરતાં હોવાથી તેઓને માર્ગમાં આવતાં ગાબડાનો અનુભવ થતો ન હોવાથી તેઓને જનતા જનાર્દનની કોઈ ચિંતા થતી નથી.

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડકે આ મામલે માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓનો કાન આમળવો જોઈએ તેવી માંગ આ માર્ગનાં સ્થાનિકો કરી રહ્યા છે.

---

### બિસ્માર માર્ગ ઉપર સ્પીડ બ્રેકરનો કોઈ મતલબ જ નથી

## લ્યો બોલો : મગરમચ્છની ચામડી જેવા માર્ગો ઉપર મગરમચ્છ જેવા જ સ્પીડ બ્રેકર લગાવાય

### કાર્યપાલક અને નાયબ ઈજનેરને કોઈ પુછવાવાળુ છે કે નહી

અમરેલી, તા. ૫

અમરેલીનાં નદીકાંઠે આવેલ સોમનાથ મંદિરથી શરૂ કરીને વાયા ગાંધીબાગ થઈને ઠેબી જળાશય સુધીનો માર્ગ મગરમચ્છની ચામડી જેવો બન્યો છે. ટુ–વ્હીલર ચાલકને કયાં વાહન ચલાવવું તે ખબર પડતી નથી.

દરમિયાનમાં ગાંધીબાગ નજીક પીજીવીસીએલ કચેરી જવાનાં માર્ગ ઉપર તેમજ થોડે દૂર અન્ય સ્પીડ બ્રેકર હમણા બનાવવામાં આવ્યું. હવે આ અધિકારીઓને મગરમચ્છ જેવા માર્ગ ઉપર સ્પીડ બ્રેકરની શી જરૂર પડી તે સમજાતું નથી. જે સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા તે પણ મગરમચ્છ જેવા બનાવવામાં આવતાં શહેરીજનોમાં ઉભા થયેલ રોષમાં વધારો થયો છે.

માર્ગ–મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેર અને નાયબ ઈજનેર જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસે ચાલતી વાતાનુકુલિન કચેરીમાંથી બહાર નીકળીને સ્થળ પરીક્ષણ કરે તેવી માંગ ઉભી થઈ છે.

અમરેલીનાં નેતાઓની નિષ્ક્રીયતા અને અણઆવડતનાં કારણે આ વિભાગનાં અધિકારીઓ કોઈને ગણકારતા નથી. કારણ કે તેઓને જનતા કે જનપ્રતિનિધિઓનો કોઈ ડર જ નથી.

---

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ દર વખતે બુધ્ધિનું પ્રદર્શન કરે છે

## અમરેલીનાં એરપોર્ટ માર્ગ ઉપર વર્ષોથી ડામર ઉપર ડામર ચડાવી દેવાતાં પરેશાની વધી

### માર્ગની ઊંચાઈ રહેણાંક મકાન કરતાં વધી જતાં વરસાદી પાણીનો થાય છે ભરાવો

અમરેલી, તા. ૫

સરકાર ઘરનું ઘર બનાવવા સબસીડી જેવી અનેકવિધ યોજના લાવી રહી છે. જીવન પર્યંત ઘરનું ઘર બનાવવા સંકલ્પ કરેલ ગરીબ મધ્યમવર્ગોનાં લોકોને ઘર બનાવવા અબજો રૂપિયા ફાળવી રહી છે. ત્યારે અમરેલીમાં આયોજન વગર ચાલતા રોડના કામો લોક ઉપયોગના બદલે જીવનભર મુશ્કેલી ઉભી કરે તેવી સ્થિતિ ઉભી થાય અને ૪૦ વર્ષથી રોડનું ખોદકામ કર્યા વગર ડામર ઉપર ડામ ચડાવી દઈ રહેણાંક મકાનો રોડ કરતા નીચા જતાં રહેતા લોકોમાં રોષ ફેલાય ગયો છે.

અમરેલીથી રાજકોટ જતો ચિતલ રોડ શાંત અને મધ્યમ, ગરીબ તથા વેપારી વર્ગ ધરાવતો વિસ્તાર ગણવામાં આવે છે. આ રોડ ઉપર હજારો મકાનો છે.

હાલ મોંઘવારીનાં સમયમાં જીવનભર એક પોતાનું મકાન બનાવવાનો સંકલ્પ લોકોને હોય છે અને આઘા પાછા (ઉછીના), લોન અને બચત કરી ખરીદેલા મકાનો સાચવવા લોકો મહેનત કરતા હોય છે. પરંતુ આ વિસ્તારમાં છેલ્લા ચાર દાયકાથી તંત્ર દ્વારા મુખ્ય રોડ તથા સોસાયટીનાં રોડ ખોદકામ કર્યા વગર ડામર ઉપર ડામર, સિમેન્ટ પાથરી દેતા રોડના લેવલ કરતા હજારો મકાનો રોડના લેવલ કરતાં નીચા જતાં રહેતા મકાન ધારકો મુશ્કેલીમાં મુકાય ગયા છે. ગત ચોમાસામાં વરસાદનાં પાણી ઘરોમાં ઘુસી જવા સહિત અનેક મુશ્કેલી વેઠવી પડી હતી અને પોતાના મકાનો રોડની નીચે જોઈ લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

હાલ સરકાર દેશમાં ૨૫ લાખથી વધુ લોકોને ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટે લોન, સબસીડી જેવી સ્કીમો લઈને કામગીરી કરી રહી છે. બીજી તરફ અમરેલીમાં આયોજન વગર સોસાયટી, ગલ્લી, શેરીમાં તથા મુખ્ય રોડના કામો રોડનું ખોદકામ કરી બનાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. અમરેલીમાં રોડ ખોદી બનાવવા મંજૂરી મળવી જોઈએ.

અમરેલીમાં તંત્ર દ્વારા બનાવવામાં આવતા રોડના કામોમાં રોડ મકાનોથી ઉંચા જતા રહેતા નવા રોડના કામો શરૂ છે તે રોડ સોસાયટી તથા ગલ્લીમાં જુના રોડ ખોદી બનાવવાની મંજૂરી આપવી જોઈએ તેવી માંગ તંત્ર સમક્ષ ઉઠી છે.

---

### વિધાનસભાનાં કોંગ્રેસપક્ષનાં નેતા અમિત ચાવડાનો આક્ષેપ

## ગુજરાતમાં ભાજપ સરકારના શાસનમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજને અન્યાય

### તાયફા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી દેવામાં આવે છે

ગાંધીનગર, તા. ૫

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગની કાર્યકરણીને બેઠકમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે વસ્તીને આધારે મળવાપાત્ર બજેટ ભાજપ સરકાર ફાળવતી નથી, જેના લીધે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચનાં લોકોને નુકશાન થઈ રહ્યું. ઉત્સવો અને તાયફા પાછળ કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે



પરંતુ એસ.સી., એસ.ટી. અને ઓબીસી સમાજના બાળકોને મળવાપાત્ર લાભથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતા શૈલેષ પરમારે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષનાં સંગઠનમાં મહિલાઓને ૩૩% અનામત સાથે યોગ્ય સ્થાન મળવું જોઈએ. સંગઠનની નિમણુંકમાં વધુ મહિલાઓને સ્થાન મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ભાજપ સરકાર એસ.સી., એસ.ટી. અને ઓબીસી નિગમોને યોગ્ય અને પૂરતી ગ્રાન્ટ આપવામાં આવતી નથી. કોંગ્રેસ પક્ષ આવનાર સમયમાં

અનુસંધાન પાના ૬ ઉપર

---

### પ્રદેશ કોંગ્રેસ મીડિયા કો. કન્વીનરનાં પ્રહારો

## ગુજરાતમાં બનાવટી સર્ટિફિકેટ રજુ કરી નોકરી મેળવવાનું કૌભાંડ થયાનો આક્ષેપ

### ભાજપ સરકારનાં શાસનમાં 'વ્યાપમ'ને શરમાવે એવું વ્યાપક શિક્ષક ભરતી કૌભાંડ

અમદાવાદ, તા. ૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કો.–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકારના ત્રણ દાયકાના શાસનમાં અનેક કૌભાંડો અને શિક્ષિત બેરોજગારો સાથે થઈ રહેલા અન્યાયનો કીર્તિમાન સ્થાપિત થયો છે. એક તરફ વિદ્યાસહાયકની ભરતી માટે લાખો ઉમેદવારો સંઘર્ષ કરી રહ્યાં છે, આંદોલન કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ ભાજપ સરકારે નિર્લજજતાની હદ વટાવી છે. રાજયમાં લાખો યુવાનો બેરોજગાર બેઠા છે અને સરકારના જવાબદાર અધિકારીઓ તેમના સગા–વ્હાલાને સાચવી લેવા માટે હોડ કરી રહ્યા છે. ભાજપ સરકાર લાજવાનાં બદલે ગાજી રહી છે અને કૌભાંડો સામે આંખ આડા કાન કરી રહી છે.

ત્રણ મહિનાથી ગૃહમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ સચિવને પણ આ વાતની, કૌભાંડની જાણ હતી, પુરાવા સાથે આ વાત તેમની સામે પહોંચી હતી છતાં પણ આ રમત રમાતી રહી. આજે, વાત સામે આવી છે ગુજરાતના ખેડા જિલ્લાની. વર્ષ ૨૦૧૦માં ખેડા જિલ્લામાં ૧૪૧ વિદ્યાસહાયકની ભરતી જાહેરાત બહાર પડી હતી.

૧૪૧ ભરતીની સાથે ૨૩ એવા ઓર્ડર આપવામાં આવ્યા જે ઉમેદવારોએ અરજી પણ નહોતી કરી. વધુમાં, આ ઉમેદવારોએ અપંગતાના ડુપ્લીકેટ સર્ટિફિકેટ રજૂ કર્યા હતાં. સામાન્ય પ્રવાહમાં પીટીસી વિદ્યાસહાયકમાં ૬૩ની બદલે ૬૭ ઉમેદવારો લેવામાં આવ્યા. જયારે વિજ્ઞાન પ્રવાહમાં ૩ વધુ ઉમેદવારો લેવામાં આવ્યા. આવી જ રીતે બીજા વિભાગોમાં પણ ગેરરીતિથી ઉમેદવારો લેવામાં આવ્યા.

વ્યાજબી છે કે, સરકારી મહેકમમાં જાહેર કરેલ ૧૪૧ સરકારી શિક્ષકોનો પગાર બજેટમાં ફાળવાય પરંતુ વધારાના આ ૨૩ શિક્ષકોનો પગાર હાલ કેવી રીતે અને કયા હેડમાં ચૂકવાય છે તે નવાઈની વાત છે. આ કરોડો રૂપિયાનો વ્યવસ્થિત આયોજનથી કરેલો ભ્રષ્ટાચાર છે. ૧૩ વર્ષોથી સળંગ ચાલતો આ ભ્રષ્ટાચાર છે. ૧૩ વર્ષથી જનતાના પૈસા

અનુસંધાન પાના ૬ ઉપર

---

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની રજુઆત

## સા.કુંડલા–અમરેલી–ભાવનગર રૂટની એસ.ટી. બસનાં કર્મીઓની મનમાની બંધ કરાવો

### એસ.ટી.ના વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ એસ.ટી.ના વિભાગીય નિયામકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સવારમાં ૮ (આઠ) વાગ્યા આસપાસ ભાવનગર, સાવરકુંડલા વાયા અમરેલી રૂટની ચાલતી બસમાં ડ્રાઈવર, ડ્રાઈવર–કંડકટરની મનમાનીયના લીધે રસનાળનું પાટિયું, જાનબાઈ દેરડી, હિરાણાનું પાટિયું, ચાવંડ, વિરપુરનું પાટિયું, લાઠી, ટોડા, કેરાળાનું પાટિયું, માલવિયા પીપરિયાનું પાટિયું, વરસડા વગેરે જેવા સ્ટોપ પર નિયમિત બસ ઉભી રાખવામાં આવતી નથી અને જો બસ ઉભી રાખે તો હજુ તો મુસાફરો બસમાં ચડયા ના હોય ત્યાં તો બસ ઉપાડી લેવામાં આવે છે. જેમાં લીધે મુસાફરોના જીવનું જોખમ પણ રહેલું છે. અને જયારે કાઈ પણ મુસાફર આ બાબતે ડ્રાઈવર–કંડકટરને રજુઆત કરે તો તેના તરફથી ઉડાવ, જવાબ આપવામાં આવે છે. અને આ રૂટની બસમાં નિયમિતિપણે વિદ્યાર્થીઓ, વેપારીઓ, ધંધાર્થીઓ, મુસાફરો મોટા પ્રમાણમાં મુસાફરી કરતા હોય જેને લીધે એસ.ટી. વિભાગને પણ સારી એવી આવક થતી હોય તો ડ્રાઈવર– કંડકટરને યોગ્ય આદેશ આપી મુસાફરોને પડતી મુશ્કેલીનું તત્કાળ નિરાકરણ લાવવા અંતમાં માંગ કરેલ છે.

---

### સાંસદ સંજયસિંહની ધરપકડનાં વિરોધમાં

## અમરેલી જિલ્લામાં આજે 'આમ આદમી પાર્ટી' દ્વારા મૌન રેલીનું આયોજન

### કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું

અમરેલી, તા. ૫

આમ આદમી પાર્ટીનાં રાષ્ટ્રીય નેતા અને રાજયસભાનાં સાંસદ સંજયસિંહની ધરપકડ કરવાનાં વિરોધમાં અમરેલીમાં આવતીકાલે "આપ" કાર્યાલયથી બપોરે ૩ કલાકે મૌન રેલીનું આયોજન કરવામાં આવેલ હોય કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

---

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
કોઇને એટલી જ સલાહ આપો જેટલી એ સમજી શકે, કેમ કે ડોલ ભરાઇ ગયા પછી તો પાણીનો બગાડ જ થાય છે !!
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
(૧) ઈન્ડોર ઈન્ચાર્જ (GNM/B.Sc. નર્સિંગ)
(૨) સ્ટાફ નર્સ (GNM/ANM)
બાયોડેટા સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો.
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)